# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૮ વર્ષ - ૧૬ : જુલાઈ–૨૦૧૨

## આસો સુદ ૪, શુક્રવાર તા. ૦૬-૧૦-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૨૯૮-૨૯૯ ઉપર પ્રવચન, પ્રવચન–૧૧૧

**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય. ૨૯૮.**



**'જ્ઞાની જીવ...'** એટલે જ્ઞાની શબ્દ કહેતા કોઈ કહે કે જ્ઞાની હોય એ ભલે એવો હોય પણ ધર્મીને તો આ બધું હોય. રાગનું કરવું ને... જ્ઞાની શબ્દ વાપરતા ધર્મી શબ્દ છે. જેને આત્મજ્ઞાન થયું છે, વિભાવભાવથી ભિન્ન, જડથી તો ભિન્ન (છે) એ તો સ્થૂળ વાત છે, પણ પર્યાયમાં થતાં વિભાવભાવથી પણ ભિન્ન–અધિક–જુદો–ભાસ્યો છે. આહા..હા..! એવા જીવને અહીંયાં ધર્મી કહો કે જ્ઞાની કહો. એમ નહિ કે, જ્ઞાની એટલે બહુ જ્ઞાન હોય એની આ વાત છે અને ધર્મીની બીજી વાત છે. એમ નથી. સમજાય છે ?

જ્ઞાની શબ્દ કેમ વાપર્યો છે ? કે, એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે તેનું જ્ઞાન થયું માટે જ્ઞાની. એટલે ધર્મીનું જ્ઞાન થયું છે માટે ધર્મી. ધર્મી જે ચીજ છે, એનું જે જ્ઞાન અને ધર્મ દશા થઈ, તે ધર્મ. તે જીવનું કાર્ય છે. મોટી પાંચ-પાંચ, દસ-દસ હજારની સભા હોય અને એમાં આ વાત કહેવી પડે એને, ભાઈ ! આ તો સાંભળનારા થોડા હોય, વીરલા સાંભળે કોઈ. આહા..હા..! વીરલા જાણે તત્ત્વને, વીરલા જાણે કોઈ... આહા..હા..! વીરલા શ્રદ્ધા કરે ને વીરલા એ શ્રદ્ધા જોઈ, આહા..હા..! વીરલા સુણે કોઈ, એમ કહ્યું છે. એકદમ લુખ્ખી વાત એને વીતરાગ સ્વભાવથી ભરેલો ભાવ, અનાદિથી રાગના રસના રસીયાઓ છે, એને આત્માના રસની વાતું કઠણ પડે. વસ્તુ તો આ છે, ભાઈ ! અશુભભાવ છોડીને શુભભાવમાં આવ્યો, એનો પણ જેને રાગનો રસ છે, એ પણ–મિથ્યાદૃષ્ટિ દુઃખને પંથે સંસારના પરિભ્રમણને પંથે છે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– અજ્ઞાનીને તો અશુભ પછી શુભ જ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શુભ આવે, શુભ આવે પણ એ, એ સંસાર છે, વિકાર છે. આહા..હા..! પણ સ્વભાવ જોયો નથી એટલે એને વિભાવ તે મારું કર્તવ્ય છે, તેમ માનીને ત્યાં રોકાય ગયો છે. ભગવાન આ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એ તરફની ઝાંખી પણ કરતો નથી. અવ્યક્તપણે આ ચીજ કોઈ શું છે આ ? જેની પર્યાયને અંદરમાં જતાં મહાન... મહાન... મહાન... ગંભીર લાગે. આહા..! એ ચીજ શું છે ? શું ચીજ છે ? આહા..હા..! આ વાંચ્યું તો હશે, ભાઈ! આ વાંચ્યું છે ને આ ? 'નાઈરોબી'થી આવ્યા છે. બહુ પ્રેમવાળા છે, મોટા પૈસાવાળા છે. સાંઈઠ-સીત્તેર લાખ. ધૂળ, ધૂળ. આ કરોડપતિ રહ્યા, આ કરોડપતિ રહ્યા. પતિ જડના ? આહા..હા..! ભાઈ ! એ જડનો પતિ તું નહિ, પણ વિભાવનો પતિ તું નહિ, પ્રભુ ! આહા..હા..! એક બાજુ ધર્મીને શુભભાવનું પરિણમન આવે એથી એ કર્તા ને ભોક્તા છે એમ પણ કહેવાય. પણ સ્વભાવની દૃષ્ટિએ જોતા... આહા..હા..! કહે છે કે, એ કાર્ય એનું નહિ એમ જાણવું. આવું ! બે ધારી તલવાર. આહા..હા..!

ભાઈ ! અનંત કાળ થયા, બાપુ ! તારા દુઃખડા એવા વેદ્યા, પ્રભુ ! એ દુઃખને જોઈને દેખનારને આંસુની ધારા ચાલી આવી. આહા..હા..! એ કહ્યું નહોતું ? (સંવત) ૧૯૭૨-૭૩ની સાલ હશે. 'રાણપર'થી 'નાગ્નેશ' જતા હતા. બે ગાઉ છે. રસ્તામાં એક ઊંટ પડ્યો ઊંટ, ઊંટ હતો. જુવાન ઊંટ વાડની પાસે પડેલો. થોડું ઘાસ, થોડું હશે. મને ખબર નહિ કે, આવો ઊંટ અહીં કેમ પડ્યો ? કે, એનો પગ ભાંગ્યો છે. પગ આમ હોય છે ને ? ઢસી ગયો. હવે એ ચાલી શકે નહિ, હવે શું થશે ? કે, અહીં ને અહીં સુકાયને મરી જશે. આહા..હા..! તે વખતે કીધું... આહા..હા..! આ જુઓને આ જગત, આહા..હા..! જુવાન ઊંટ, હોં ! નાની ઉંમરનું. આમ દેખાવ તો એવો હતો. પણ પગ લસરી ગયો. થઈ રહ્યું. એ ચાલી શકે નહિ, એટલે કામ કરી શકે નહિ તો એને રાખે કોણ ? કારણ કે, જ્યાં બેઠો છે ત્યાંથી ચાલી શકે નહિ. આહા..હા..! ત્યારે કહે, આ થોડું ઘાસ નાખ્યું હશે તે ખાશે બાકી સુકાઈને તો મરી જશે. પછી તો ઘાસ પણ નહિ નાખે. કોણ નાખે જંગલમાં ? પહેલું છે હજી તાજું છે એટલે થોડું પડ્યું છે. આહા..હા..! અને એ જંગલમાં એકલો, રાત્રીએ સર્પો, વીંછી ચારેકોર ફરતાં. આહા..હા..! થઈ રહ્યું, ન્યાં ને ન્યાં દેહ સુકાય ગયો. આહા..હા..! એના દુઃખનું શું કહેવું ? એથી તો અનંતગણુ દુઃખ નરકના દસ હજાર વર્ષની સ્થિતિએ છે, પ્રભુ ! આહા..હા..! ભાઈ ! તેં તારા દુઃખડાને પણ જાણ્યા નથી, પ્રભુ ! આહા..હા..!

એ દુઃખથી મુક્ત થવું હોય અને આનંદનો, આનંદનો નાથ ભગવાન તેને પ્રાપ્ત કરવો હોય... આહા..હા..! તો એને સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય તેને અનુસરીને પરિણમન કરવું પડશે. આહા..હા..! જેટલું કાર્ય પરનું છે અને વિભાવનું પણ તારું કાર્ય નથી. આહા..હા..! આમ એક બાજુ કહે કે, વિભાવનો કર્તા જીવ છે સમકિતી પણ. એ પરિણમનની અપેક્ષાએ છે. પરિણમે છે ને એ. પરિણમે તે કર્તા એટલી અપેક્ષાએ. પણ આત્માના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો કાર્ય સ્વભાવનું છે એ નથી. આહા..હા..! કેની હોંશું કરવી ? ભાઈ ! કોના હરખના સડકા લેવા ? નાથ ! તું ક્યાં છો ? આહા..હા..! એ ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ ! એને અનુસરીને કાર્ય થાય તે તારું કાર્ય છે, બાકી બધા થોથા છે. આહા..હા..!

મુમુક્ષુ :– એ બધો સંસાર જ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રખડવાનો ધંધો. શુભભાવ પણ સંસાર. ત્યાં કહ્યું ને ? જગપંથ. આહા..હા..! મુનિને પણ. મિથ્યાદૃષ્ટિનો શુભભાવ તો પોતાનો માને તે તો મિથ્યાત્વનું મહાપાપનો સંસાર છે, અનંત સંસાર છે. આહા..હા..! જેને શુભભાવ મારો છે એવા અનંતા ગુણના સ્વભાવની સાથે જેણે વિભાવના મેલને એકત્વ માન્યું છે એ તો મિથ્યાત્વમાં અનંત સંસાર છે. આહા..હા..! એ મિથ્યાત્વના ગર્ભમાં નરક અને નિગોદના ભવ કરવાની તાકાત છે. આહા..હા..! એ મિથ્યાત્વમાં નરક અને નિગોદ પ્રસવશે. આહા..હા..!

તારે તારું કાર્ય કરવું હોય તો... આહા..હા..! ભગવાન ચૈતન્ય જ્ઞાયકનો રસકંદ પ્રભુ, એની સન્મુખ

અનુસરીને કાર્ય થવું, એ તારું કાર્ય છે અને એ ધર્મ કાર્ય છે. આહા..હા..! હવે આ બધા ધંધા-પાણી કરવા અને કહે કે, એ એનું કાર્ય નહિ. આહા..હા..! ભાઈ ! એ તારું છે નહિ. તારું તત્ત્વ છે એ પરના કાર્યમાં જાય ? અને જ્ઞાયક તત્ત્વ છે એ વિભાવના કાર્યમાં જાય ? આહા..હા..! એકલો સ્વભાવનો પિંડ પ્રભુ ! જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, સ્વચ્છરસ, પ્રભુરસ એવો પૂર્ણ આનંદનો નાથ ભગવાન ! એ રાગના રસમાં કેમ જાય ? આહા..હા..!

આવી વાત એટલે લૂખી લાગે. શું થાય ? ભાઈ ! આહા..હા..! અરે..! ભાઈ તો કહેતા. 'દિપચંદજી'. અત્યારે અમે જોઈએ છીએ તો આગમને અનુસારે શ્રદ્ધા પણ જગતના પ્રાણીમાં, સંપ્રદાયમાં દેખાતી નથી. એમ કહે છે બસ્સો વર્ષ પહેલાં. જો એને મોઢે આ વાત કરીએ તો એ સાંભળતા નથી. એકાંત છે તમારું (એમ કહે છે). માટે હવે હું લખી જાવું છું કે, માર્ગ આ છે બાકી બીજો માર્ગ માને એ વસ્તુ નથી. અરે..! વાત તો સાચી છે. બસ્સો વર્ષ પહેલાં. એના કરતાં અત્યારે હલકો કાળ.. આહા..હા..! આ તો પુણ્ય ભેગું છે ને જરીક... આહા..! (એટલે) સાંભળે છે. અને એને કાંઈક એમ (પણ લાગે) કે વાત તો કાંઈક બીજી છે, એમ લોકોને થાય છે. જુઓને ! દિગંબર (મુનિ), વીસ વર્ષની દીક્ષા, શીઘ્ર કવિ. એવા ગાયન બનાવે આમ શીઘ્ર, હોં ! છતાં... આહા..હા..! આ વાત કોઈ જુદી છે, ભાઈ ! એણે નરમાશ કરવી પડશે. એને મોટું માન અમે સાધુ છીએ... આહા..હા..! એ અભિમાન મૂકવું પડશે, પ્રભુ ! આહા..હા..! એ જડના અને વિભાવના કાર્ય પરના છે, મારા નથી. મારું તો ચૈતન્ય ભગવાનને અનુસરીને પરિણમન થાય એ મારું કાર્ય છે. આહા..હા..!

**'જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય...'** આહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એની જ્યાં દૃષ્ટિ થઈ અંદરમાં... આહા..! એ એટલો નિઃશંક હોય કે **'આખું બ્રહ્માંડ ફરે...'** આહા..હા..! દ્રવ્યનું ફરવું થાય ? તો દ્રવ્યની પ્રતીત અને અનુભવ થયો એનું ફરવું કેમ થાય ? ભલે આખું બ્રહ્માંડ ફરી જાય. આહા..! આખી દુનિયાનો પોકાર થાય કે, નહિ આ ખોટું છે, આ ખોટું છે. આહા..હા..! **'આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ;...'** સત્‌નો જ્યાં અનુભવ થયો, પ્રતીત થઈ, જ્ઞાન થયું, એ ફરે શી રીતે ? જગત સામે ગમે તેટલી વાતો કરે. આહા..હા..!

**'વિભાવના ગમે તેટલા ઉદય આવે...'** આહા..હા..! ધર્મીને શુભ-અશુભભાવ પણ અંદર આવે છતાં એ મૂંઝાય નહિ. નિઃશંકપણે મારી ચીજ તો શુદ્ધ, પવિત્ર છે. આહા..હા..! 'શ્રીમદ્દે' કહ્યુંને ? 'શ્રીમદ્દે'. આહા..હા..! વેપાર-ધંધામાં હતા. એમ કહ્યું, છવ્વીસમાં વર્ષમાં છે. તેવી ઉપાધિ આવે છે કે ધડ ઉપર માથું ન રહે. આહા..હા..! ભાઈ ! 'શ્રીમદ્ રાજચંદ્ર'. ઝવેરાતનો ધંધો કરતા ને ? એવી ઉપાધિ આવે કે ધડ ઉપર માથું (ન રહે). માથું ફરી જાય. આહા..હા..! રાગ આવે એવો કે આ છોડે છૂટકો છે એમ થાય પણ છૂટતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? અહીં છે ? પુસ્તક નથી ને ? છે.. છે. ૨૬મું વર્ષ છે. આવ્યું. જુઓ !

**'માગશર સુદ ૬ને અત્રે આવવાનું થયું હતું. ત્યારથી આ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિ જોગ વેદવાનું બન્યું છે.'** જોયું ? આહા..હા..! **'અને જો ભગવતકૃપા ન હોય...'** એટલે સ્વરૂપની. **'તો આ કાળને વિશે તેના ઉપાધિ જોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એવી ઉપાધિના જોગમાં...'** (રહેવું થાય છે). આહા..હા..! **'એમ થતાં થતાં ઘણી વાર જોયું છે અને આત્મ સ્વરૂપ જેણે જાણ્યું એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહિ...'** બેને મેળ નહિ ખાય ક્યાંય. આહા..હા..! **'એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચળ ઉપયોગે વર્તતા વર્તતા ક્વચિત પણ મંદ પરિણામ પામી જાય...'** આહા..હા..! રાગના શુભભાવમાં આવીને મંદ થઈ જાય, દૃષ્ટિમાં થાય નહિ. આહા..હા..! એવી આ સંસારની રચના છે. આહા..હા..!

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપી આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે વિશેષ નિર્મળતા જોઈએ એના પ્રત્યે એક પ્રકારનું**

**આવરણ થવારૂપ ઉપાધી યોગ દેખાય.**' આખી લાંબી વાત છે. આહા..હા..! કારણ કે, બૈરા, છોકરા, ધંધો, વેપાર અને એમાં જ્ઞાતાપણે રહેતા. આહા..હા..! ઘણું કઠણ, અપૂર્વ છે એમ કહે છે.

અહીં કહે છે, '**વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.**' આકરો કોઈ વિષયની વાસનાનો પણ ભાવ આવે... આહા..હા..! છતાં સ્વરૂપથી ચલિત થાય નહિ. આહા..હા..! જે જ્ઞાતા તરીકે જાણ્યું છે તેને જ્ઞાતામાંથી ખસવું ન થાય એને. આહા..હા..! 'શ્રેણિક' રાજા લ્યો ! આહા..હા..! ક્ષાયિક સમકિતી. સમયે, સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. જેલમાં નાખ્યો એના દીકરાએ. આહા..! એને જ્યારે ખબર પડે છે કે, મારા પિતાએ તો મને નાની ઉંમરમાં મારી સેવા કરી હતી. મારી બાએ મને નાખી દીધો હતો. કુકડાએ ચાંચ ભરી, એણે ચુસ્યું હતું. આવી સંભાળ કરી હતી અરે..રે..! મેં શું કર્યું આ. આહા..હા..!

મુમુક્ષુ :– દીકરા બાપને પૂરી દે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નાખ્યો ને. કેદમાં નાખ્યો ને. કારણ કે, એની સ્થિતિમાં પોતાને રાજ કરવાનો પ્રસંગ બનતો નહોતો, અને આ ક્યારે મરશે એનો મેળ નથી. આટલા આટલા વર્ષ થયા ને આ રાજ કરે છે ને હવે આપણે એના રાજકુમારો રાજ ક્યારે હાથમાં આવવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :– તો જેલમાં નાખી દે ?

ઉત્તર :– જેલમાં નાખ્યા. નાખ્યા તે કેવા ? તાળાં બંધ કરીને. આહા..હા..! જે તીર્થંકરનો જીવ. આહા..હા..! ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે, ત્યાંથી નીકળીને સીધા તીર્થંકર થવાના. આહા..હા..! આ ઠગારા છોકરાઓએ અંદર મારી નાખ્યો અને જ્યાં છોડવા આવે છે. બંધ કર્યું હતું. કાઢી નાખો. આને ભ્રમ થઈ ગયો, સમકિતી છે, પણ આ મારવા આવે છે એમ થઈ ગયું. આહા..હા..! એને દેહ છોડવાનો ભાવ આવ્યો, છતાં સ્વભાવમાંથી વિરુદ્ધ નથી એને. સ્વભાવની દૃષ્ટિમાં એને જરીએ દોષ નથી. આહા..હા..! એ તો રાજા હતા, હીરા હતા ઊંચા હીરા. હીરા સહિત. ચૂસ્યું. દેહ છૂટી ગયો. ઓલો આવે આમ જોવે ત્યાં અર..ર..! અરે..રે..! હું છોડવા આવ્યો ને આ થયું ! રોવે... રોવે... રોવે... રોવે... એની મા પાસે ગયો. માતા ! મેં બહુ ભૂલ કરી. ભાઈ ! આહા..હા..! હવે એ જેલમાં મડદું પડ્યું. રાજા મોટો, જેને હજારો રાજા ચામર ઢાળતા. એ જેલમાં દેહ છૂટ્યો, ભાઈ ! આહા..હા..!

જન્મ્યા કોઈ જાણ્યા નહિ અને મરતા કોઈ રોનાર નહિ. આહા..હા..! 'શ્રીકૃષ્ણ' જન્મ્યા, બહાર જાણ્યા નહિ. ગોકુળમાં લઈ ગયા, ગોવાળમાં. આહા..હા..! મરતા કૌસંબી વનમાં, આહા..હા..! 'તરસે તરફડે ત્રિકમો,' ત્રિકમો–ત્રણ ખંડનો ધણી. તૃષા લાગી. આહા..હા..! જેની આઠ આઠ હજાર દેવ સેવા કરતાં, એને કોઈ પાણીનો પાનાર ન રહ્યો. બળદેવ પાણી લેવા જાય છે. વાસણ ન મળે, કાંઈ ન મળે, વડના મોટા પાનમાં સળીઓ નાખીને વાસણ બનાવ્યું, પાણી જ્યાં લાવે ત્યાં અહીં દેહ છૂટી જાય છે. આહા..હા..! જરદ્કુમારનું બાણ વાગે છે, ભગવાને કહ્યું હતું કે, આ 'શ્રીકૃષ્ણ' જરદ્કુમારના બાણથી મરશે. એનો ભાઈ બાર બાર વર્ષથી વનમાં રહેતો હતો. પણ નેમિનાથના વચન ફરે નહિ. આહા..હા..! એ 'દ્વારકા' નગરી, સોનાના ગઢ અને રત્નના કાંગરા. રાણીઓ આમ આહા..! રાણીઓ જ્યાં આમ નાની ઉંમર જુવાન એ સળગે આમ અગ્નિમાં, જુએ. આહા..હા..! એ ભાવે જરી, વિભાવભાવ આવે, પણ સ્વરૂપથી ચલે નહિ. આહા..હા..! આ તે કઈ દશા !

એવા ઉદય આવે '**તોપણ ચલિત થાય નહિ.**' જ્ઞાનપણાનો જે અનુભવ અને દૃષ્ટિ છે તે ખસે નહિ. આહા..હા..! ગમે તેટલા વિભાવભાવ આવે. આહા..હા..! મારા સ્વરૂપથી તો વિરુદ્ધ છે. એથી એ વિરુદ્ધ ભાવ મારી ચીજ નહિ. એવું નિઃશંકપણું સમકિતીને જતું નથી. આહા..હા..! આવી વાતું. અને અજ્ઞાનીને દીકરો મરી જાય તો રોવે નહિ. 'ચુડા'માં હતા, 'ચુડા'માં એ ભાઈને ન ખબર હોય. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૯ સાલની વાત છે. 'ચુડા'માં એક ભાઈ હતા. ડૉક્ટર હતા. માણસ આમ વૈરાગી. દૃષ્ટિ ખોટી સ્થાનકવાસી. જુવાન છોકરો મરી ગયો. અને હું ગયેલો એ પહેલાં

એ વાત ત્યાં થઈ ગઈ હતી. એ કહે કે, છોકરો મરી ગયો. માણસોને કહેડાવ્યું કોઈ પણ આવો એ રોશો નહિ. એના દેહની સ્થિતિ પૂરી થઈ છે. જુવાન છોકરો, હોં ! રોવું નહિ. એ થવા કાળે થાય, છતાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ ખબર નહિ. (સંવત) ૧૯૬૯ સાલની વાત છે. ૧૯૭૦માં દીક્ષા લીધી. એ પહેલાં હું ત્યાં આવ્યો. છે ને ઓલું હેઠે ? શું કહેવાય ? શાક માર્કેટ. અને ઉપર ઓરડો નથી બજારમાં ? ત્યાં હતા અને હું ત્યાં આવ્યો હતો. ૧૯૬૯ની વાત છે, ૧૯૭૦ પહેલાની વાત છે ૬૫ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! આ ભાઈ એવા છે કે, જુવાન છોકરો મર્યો તોય રોયા નહિ. એથી કરીને શું એ ધર્મી છે ? આહા..હા..! અને આવી સ્થિતિમાં વિભાવ આવે ને રુદન પણ આવે, છતાં એના સમ્યગ્દર્શનને દોષ જરીએ નથી. આહા..હા..! એ ચારિત્ર દોષ છે. બીજા ગુણનો દોષ એ સમ્યગ્દર્શનને દોષ કરે તો કદી નિર્દોષ રહી શકે જ નહિ. આહા..હા..!

'શ્રીમદ્દે' પણ કહ્યું છે એકવાર. હે કામ ! હે માન ! આવે છે ને ? તું ખસી જા, તું મારું સ્વરૂપ નથી, તું મને હેરાન ન કર. આહા..હા..! 'શ્રીમદ્'માં પાછળના લખાણમાં એમ આવે છે, ભાઈ ! પાછળના લખાણમાં. એમાં આવ્યું છે. બધું ઘણું પહેલેથી વાંચેલું છે. આહા..હા..!

અહીં કહે છે **'વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી...'** દેહાદિની પરિણતિમાં રોગ-રોગ (થાય), સડેલ શરીર આદિ સંયોગો બધા પ્રતિકૂળ થાય. આહા..હા..! તોપણ **'જ્ઞાયકપરિણતિ ન ફરે;...'** આહા..હા..! જાણનારનું જ્ઞાન પરિણમન છે એ ફરે નહિ. આહા..હા..! નિઃશંક છે, નિર્ભય છે. આહા..હા..! **'શ્રદ્ધામાં ફેર ન પડે.'** અંદર શુદ્ધ સ્વરૂપ ચૈતન્યની જાણીને પ્રતીત થઈ છે એ ફરે નહિ. આહા..હા..! **'પછી ક્રમે ચારિત્ર વધતું જાય.'** અંદરમાં સ્થિરતાનો અંશ વધતા વધતા ચારિત્ર થઈ જાય. આહા..હા..! એ ૨૯૮ (બોલ પૂરો થયો).

**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય, સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે. ૨૯૯.**

૨૯૯. **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે.'** ભગવાન આત્મા સ્વતઃ અપને સે–પોતાથી છે, એનો કોઈ કર્તા નથી, કોઈથી થયેલો નથી, એ સ્વતઃસિદ્ધ સત્ છે પ્રભુ ! આહા..હા..! **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય,...'** શું કહે છે ? વસ્તુ સ્વતઃસિદ્ધ છે, એનો અંતર સ્વભાવ અનુકૂળ હોય. આનંદ, શાંતિ, વીતરાગતા વગેરે એનો સ્વભાવ અનુકૂળ હોય. વસ્તુ છે એ સ્વતઃસિદ્ધ છે, એથી તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય. વિકાર અને દુઃખરૂપ એના સ્વભાવમાં ભાવ હોય નહિ. આહા..હા..!

**'વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય,...'** સ્વભાવથી વિરુદ્ધ જે વિભાવ એ એનો સ્વભાવ નથી, એમ કહે છે. આહા..હા..! **'સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ...'** આહા..હા..! ભગવાન આત્મ પદાર્થ વસ્તુ, એનો દેખવું, જાણવું સ્વભાવ, તેને અનુકૂળ હોય. જાણવું-દેખવું એ સ્વભાવને અનુકૂળ છે. આહા..હા..! કેમકે એનો સ્વભાવ છે તે સ્વભાવ તે એને અનુકૂળ હોય. દ્રવ્યનો સ્વભાવ છે તે દ્રવ્યને અનુકૂળ હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે. માર્ગ એવો (છે), બાપુ !

કહે છે, ભાઈ ! એ વસ્તુ છે ને ? એ વસ્તુ છે એનો સ્વભાવ તો અનુકૂળ હોય, વિપરીત ન હોય. એનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એ એનો અનુકૂળ સ્વભાવ છે. આહા..હા..! **'દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.'** આહા..હા..! પર્યાયમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકલ્પો, ચાહે તો વ્યવહાર રત્નત્રયનો રાગ (હોય), એ સ્વભાવથી

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૦ ઉપર)**



# શ્રી પરમાગમસાર, વચનામૃત–૨૬૪ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૨૧ (તા.૫-૬-૧૯૮૩, ભાવનગર)

**પ્રશ્ન :– હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે?**

**ઉત્તર :– જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે ! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૨૬૪.**

૨૬૪. પ્રશ્ન કર્યો છે. '**હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે ?**' આ પ્રશ્ન સામાન્ય રીતે જ્ઞાતાદૃષ્ટાપણે રહેનારને આવું જોર હોય છે. સમજનાર, પ્રશ્નકાર, સમજનાર એમ સમજ્યો છે, કે હું માત્ર જાણનાર છું એવું બળ, એવા બળસહિત, જાણનારમાત્ર છું એવા બળસહિત માત્ર જ્ઞાતાદૃષ્ટા રહેવું, એમ થવું જોઈએ, એમ કરવું જોઈએ, એ કેમ થતું નથી? સમસ્યારૂપે એ વાત લીધી છે.

ઉત્તર આપે છે, કે '**જોર પોતે કરતો નથી તેથી આવતું નથી.**' પોતે જોર કરે તો થાય એમ કહેવું છે. બીજા લાભ-નુકસાનના પ્રસંગોમાં જોર ક્યાંથી આવે છે ? એ વાત જ લીધી છે કે, '**બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે !**' ક્યાંથી રસ આવે છે ? જ્યાં પોતાને રુચતો વિષય છે અથવા પોતાને સુખનું કારણ છે એવું દેખાય છે ત્યાં એને રસ આવે છે, ઉત્સાહ આવે છે, હોંશ આવે છે. એ ક્યાંથી આવે છે ? કે તે તે પ્રસંગનું મૂલ્યાંકન, એને મુલ્ય થયું છે, કીમત આવી છે ત્યાંથી આવે છે. જાણનાર એવો આત્મા એની કીમત થઈ નથી, તેથી એમાં એને રસ આવતો નથી. તેથી એમાં એને જોર આવતું નથી.

જેની કીમત કોઈ ઉપમાથી, કોઈ પદાર્થથી, કોઈની બરાબરીથી થઈ શકે એવી નથી, એવો અનુપમ પદાર્થ છે, છતાં એની કાંઈ કીમત નથી, એ પરિસ્થિતિમાં જોર ક્યાંથી આવશે ? એમાંથી કાંઈ જોર આવશે નહિ. શા માટે સ્વાધ્યાય દ્વારા અથવા સત્શાસ્ત્ર દ્વારા સ્વરૂપની ઓળખાણ કરવાની વાત પહેલા છે ? એટલા માટે કે એ ઓળખાણમાં કીમત ઊભી થાય છે. કીમત ઊભી થાય છે ત્યારે જ એને એમાં રસ આવે છે, એમાં એને જોર આવે છે, એની મહિમા આવે છે, ત્યારે જ પરિણામ પોતા બાજુ વલણ કરે છે, વળે છે, ઢળે છે. એ સિવાય બીજી કોઈ સહજ ઉદ્યમ થવાની વાસ્તવિક પરિસ્થિતિ નથી.

અહીંયાં એમ કહે છે, કે '**હું જાણનાર જ છું...**' એમ તો મેં જાણ્યું છે. આત્મા જાણનાર પદાર્થ છે, હું પોતે આત્મા જાણનાર તત્ત્વ છું એમ જાણ્યું છે, પણ એમ જાણ્યું છે છતાં એનું જોર કેમ નથી ? બીજી રીતે આ પ્રશ્નને સ્પષ્ટ કરીએ તો એમ છે, કે આ બધું સમજવા છતાં આત્મા જાણનાર છે, છતાં એનો પુરુષાર્થ કેમ ઉત્પન્ન થતો નથી ? જોર એટલે પુરુષાર્થ. કે જાણીએ છીએ છતાં પુરુષાર્થ કેમ થતો નથી ? આમ પ્રશ્ન છે. ખરેખર જાણ્યું હોય અને પુરુષાર્થ ન થાય એમ બને નહિ. ખરેખર આત્મપદાર્થ જેવો છે તેવો જાણવામાં આવે, પોતે પોતાને જાણે અને એને પોતાનું બળ ઉત્પન્ન ન થાય એમ બને નહિ. એણે જાણ્યું છે

એ શું થયું ? કે એણે જાણ્યું છે એમાં આત્મા વિષયક કલ્પના કરી છે. આત્માના નામનો કો'ક પદાર્થ એવો છે એમ જાણ્યું છે. ઠીક. આત્મા નામનો કોઈ પદાર્થ છે, મૂળ એમાં એને પોતાને ભેળવ્યો નથી. કો'ક પદાર્થ એવો છે એમ એણે જાણ્યું છે. એટલે એમાં એનો રસ અને જોર ઉત્પન્ન થતું નથી.

છતાં અહીંયાં તર્ક થાય એવો છે. પણ અમારે એમ તો જાણવું જ નથી. અમારે તો અમારું સ્વરૂપ જાણવું છે. અમારું સ્વરૂપ જાણવું છે એવા અભિપ્રાયથી અમે શાસ્ત્રનું અધ્યયન કરીએ છીએ. એમ કહે છે કે નહિ ? જો પોતાના સ્વરૂપને જાણવું છે, એ અભિપ્રાયથી શાસ્ત્ર-સ્વાધ્યાય થાય છે તો એ સ્વાધ્યાયના કાળમાં એ પોતાની જાતને ક્યાં ક્યાં ભેળવે છે ? આ સવાલ છે. અથવા પોતાને લાગુ પડે એ રીતે એ શાસ્ત્ર વચનને અંગીકાર કરે છે કે બીજી કોઈ રીતે અંગીકાર કરે છે ? આટલો સવાલ છે. જો એ પોતાને સામેલ કરે.. આ તત્ત્વજ્ઞાનનો વિષય આત્માના ભાવોનો છે. ભાવાત્મક વિષય છે. ભાવાત્મક પડખું તત્ત્વજ્ઞાનમાં મુખ્ય થાય છે. પદાર્થ હોવા ઉપરાંત પદાર્થનું ભાવાત્મક પડખું છે એની જ મુખ્ય ચર્ચા ચાલે છે. તો પોતાના ભાવોને એમાં સાથે મેળવણી કરતો જાય છે ? પોતાને એ વાત અંગીકાર કઈ રીતે થાય છે એમ પોતાને અંદરમાં સામેલ કરે છે ? તો તો એ વાત પોતાને લાગુ પડે એ રીતે એને અંગીકાર થાય. પણ માત્ર માહિતી મેળવવા, માત્ર તર્કશુદ્ધિ માટે, માત્ર બુદ્ધિની પહોંચ થવાના પ્રયત્ન અર્થે એ પ્રકારે વિભિન્ન પ્રકારે મૂળ પોતાને અંદરમાં ભેળવવાને બદલે અનેક બીજા પ્રકારે, કોઈને કોઈ બીજા અનેક પ્રકારે જ્યાં સુધી સત્‌શાસ્ત્રોનું અધ્યયન થાય કે સ્વાધ્યાય થાય તોપણ એ નિરર્થક જાય છે. એવો વિષય છે. એટલે ક્યાંય પોતાને બાકી રાખે તો એ પોતાને વંચનાબુદ્ધિમાં રહે છે એ પોતે. પોતે પોતાથી છેતરાઈ જાય છે.

હેતુ શું છે? કે હેતુ તો પોતાના ગુણ-દોષને બરાબર નક્કી કરીને ગુણ પ્રગટ કરવા અને દોષ ટાળવા એ હેતુ છે. એ હેતુ બરાબર સાથે ને સાથે રહેવો જોઈએ. કોઈપણ વાતમાં. અને એવી પરિસ્થિતિમાં આત્માનો નિર્ણય કરવામાં આવે તો એને એ જ્ઞાન સાથે જ્ઞાનબળ પ્રગટ્યા વગર રહે નહિ. જ્ઞાનની સાથે જ્ઞાનનું બળ, અહીંયાં જે જોરનો અભાવ થાય છે, એ જોરનો અભાવ ન રહે, જોર સાથે સાથે જ આવે. ગોળ કે સાકર નાખીને ગળ્યું થાય કે ન થાય એ પ્રશ્ન રહે છે ? કે થાય જ. કેમકે એ વસ્તુનું સ્વરૂપ છે. છતાં પરપદાર્થમાં બીજું કાંઈક અંદર ભેળવાઈ ગયું હોય તો હજી ગળપણ ન પણ લાગે, પણ અહીંયાં તો યથાર્થ પરિસ્થિતિમાં આવે એટલે પોતાની હિતબુદ્ધિએ પોતાના નિજસ્વરૂપનો નિર્ણય કરે, જ્ઞાન કરે અને એ જ્ઞાનમાં જ્ઞાનબળ ન પ્રગટે, એ વાત રહેતી નથી, થઈ શકતી નથી.

આ આપણા સાંપ્રત સમાજની મુખ્ય સમસ્યા છે. 'ગુરુદેવશ્રી'ને વર્ષો સુધી સાંભળવાનું બન્યું. સમાજમાં અનેક વ્યક્તિઓ પરિચયમાં આવી, છતાં આ પ્રશ્ન રહ્યો કે સાંભળ્યું, સમજાયું, ઠીક લાગ્યું, બરાબર લાગ્યું, અનુસરણ કરવા યોગ્ય લાગ્યું છે પણ અનુસરણ કરવા માટે જે જોર જોઈએ તે જોર અમને નથી આવ્યું. એનું શું કરવું ? આ સમસ્યા છે. આપણા સમાજની સમસ્યા છે.

કહે છે, કે એ ખરેખર ગોળ નાખે અને ગળ્યું ન થાય એમ બિલકુલ નથી. 'પૂજ્ય બહેનશ્રી' તો વાતચીતમાં ઘણીવાર લગભગ આ વાત કરે છે, કે કારણ આપે અને કાર્ય ન થાય એવું બનતું નથી. જેવું જેટલું કારણ આપે એવું એટલું જ કાર્ય થાય છે. આ તો એકદમ Solid વાત છે કે જેવું જેટલું કારણ પોતે આપે છે એટલું કાર્ય થાય છે. અને એક જગ્યાએ તો એવું કહ્યું, કે આવું પોતાનું સ્વકાર્ય કરવાનો જે નિર્ણય છે, નિર્ધાર છે એ એણે કર્યો નથી. એક વખત એવો દૃઢ સંકલ્પ કરી નાખે કે મારું કાર્ય ન થાય ત્યાં સુધી જંપ વાળીને બેસવું નથી. તો એ પૂરોપૂરો એની પાછળ પડે, એ પ્રકારે પ્રયત્ન કરે તો એને કાર્યસિદ્ધિ ન થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :– ઉત્સાહના પ્રસંગોમાં તો સહજ હોંશ

આવી જાય છે, લાવવી પણ નથી પડતી...

પૂજ્ય ભાઈશ્રી :– એનું કારણ કે એણે કીમત આપી રાખી છે. ઊંધો નિર્ણય પડ્યો છે. જગતના સંગ પ્રસંગોમાં લાભ નુકસાનનો જે નિર્ણય છે, એ નિર્ણયને વશ એનું જોર ઉત્પન્ન થઈ જાય છે. નિર્ણયબળ કામ કરે છે. જગતના પ્રસંગોમાં ઊંધું નિર્ણયબળ કામ કરે છે. અહીંયાં સવળો નિર્ણય થાય, આત્મા જે સ્વરૂપે જેટલો સામર્થ્યવંત, જેટલો શક્તિમાન છે એવો પદાર્થ પોતે છે, એના જ્ઞાનમાં, નિર્ણયમાં બરાબર આવે તો એનું બળ ઉત્પન્ન થયા વગર રહે નહિ. જ્ઞાન સાથે જ્ઞાનબળ ઉત્પન્ન થયા વિના રહે જ નહિ. એ અવિનાભાવી વસ્તુ છે.

જ્ઞાન અને પુરુષાર્થને, યથાર્થ જ્ઞાનને અને પુરુષાર્થને અવિનાભાવી સંબંધ છે અને જ્ઞાન જૂઠું હોય, ખોટું હોય, અને પુરુષાર્થ થાય એવું ત્રણ કાળમાં બને નહિ. પછી એને સમસ્યા કેમ રહે છે ? કે પણ મારું જ્ઞાન તો આ શાસ્ત્ર કહે છે એવું જ છે, શાસ્ત્ર કહે છે એમ જ મને જાણવાનું થાય છે, એવો જ મને આત્મા લાગ્યો છે, એવો જ મને પદાર્થ જણાણો છે. એવું જ મને... છતાં મને કેમ જોર આવતું નથી ? એમ પ્રશ્ન કરે છે. કે તને ભ્રાંતિમાં એમ લાગે છે, કે મારું જ્ઞાન શાસ્ત્રથી બરાબર મેળ ખાય છે. પણ એ વાત જ્ઞાનની યથાર્થતાને સાબિત કરનારી નથી. કેમકે અવિનાભાવીપણે એનું જોર હોવું જોઈએ તે જોર ઉત્પન્ન થયું નથી.

લોટરી લાગે તો ક્યાંથી હોંશ આવી ગઈ ? કે એમાં કેટલા પૈસા આવવાના છે એની એને ખબર છે. એ પૈસા આવતા એ કેટલી કેટલી સગવડતા અને સુવિધા મેળવી શકશે એ બધો વગર વિચાર કર્યે અભેદભાવે એને ખબર પડે છે. એક હોંશમાં બધું પડ્યું છે. એમાં જ્ઞાન નથી કાંઈ ? બધું જ્ઞાન છે. ભલે એનો વિકલ્પ ભેદવાળો ન ચાલે પણ જ્ઞાન તો બધું છે.

એમ અહીંયાં અનંત ગુણની સંપત્તિ છે, એ સંપત્તિનું સંપત્તિરૂપે જ્ઞાન થાય અને એનું બળ ન આવે એ વાત કેમ બને ? એ વાત બની શકવા યોગ્ય જ નથી, બનતી જ નથી. પણ સ્પષ્ટ છે, કે એને જે રીતે જણાવું જોઈએ તે રીતે જણાયું નથી. પરથી ભિન્ન અને પોતાના નિજ ગુણોથી, નિજ શક્તિઓથી અભિન્ન, એવું જે એને જણાવું જોઈએ અને એ રીતે જણાવું જોઈએ એ રીતે જણાયું નથી.

કાલે એક બોલ જોયો હતો. ૬૩૮. પાનું ૧૭૫. **'લક્ષણના નિર્ણય વગર લક્ષ્ય આત્મા નક્કી થઈ શકે નહિ.'** કોઈ એમ કહે કે સીધું અમારે લક્ષ્યે નક્કી કરવું છે, તો એમ બનતું નથી. **'માટે જે રીતે...'** અહીંયાં હવે નાખ્યું **'જે રીતે આત્મા પરથી ભિન્ન અને સ્વથી પરિપૂર્ણ...'** સ્વથી અભિન્ન એટલું નથી લીધું. પણ સ્વથી પરિપૂર્ણ છે. પોતે પોતાના સ્વરૂપથી પરિપૂર્ણ હોવાથી એને કોઈની અપેક્ષા, કોઈની મદદ, કોઈના પ્રત્યે એને ક્યાંય દીનતા અને પામરતા કરવાનું કારણ નથી. આમ છે. એવું સમજાય. જે રીતે એવો **'સમજાય એ રીતે...'** આમ છે. **'નિર્ણય થાય તેને લક્ષ્મ–આત્માનો નિર્ણય થાય,...'** ત્યારે **'જ્ઞાનમાત્ર તે આત્મા છે.'** જ્ઞાતાદૃષ્ટા આત્મા છે. **'દેહાદિ કે રાગાદિ તે આત્મા નથી.'** એમ એને નિર્ણયમાં આવે છે. અને એ નિર્ણયમાં આવે છે ત્યારે એનું એને જોર પણ આવે, આવે ને આવે જ. જોર ન આવે એવું કદી બને નહિ.

અહીં (કહે છે), **'જોર પોતે કરતો નથી...'** કેમકે યથાર્થ જ્ઞાન પણ કર્યું નથી, યથાર્થ નિર્ણય પણ કર્યો નથી, તેથી એને જોર પણ સહજ આવવું જોઈએ તે આવતું નથી, એને કરતો નથી એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– સ્વથી પરિપૂર્ણ અને પરથી ભિન્ન, લક્ષણ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. લક્ષણ તો જ્ઞાન છે. જ્ઞાન લક્ષણથી જે રીતે આવો, આવો એટલે કેવો ? કે પરથી ભિન્ન અને સ્વથી પરિપૂર્ણ એવો. એ રીતે નક્કી થાય, એવી રીત હોય કે જેમાં આમ નક્કી થાય, ત્યારે એને લક્ષ, લક્ષણથી લક્ષ થવા યોગ્ય. લક્ષ એટલે મુખ્ય રહેવા યોગ્ય એવા આત્માનો નિર્ણય થયો એમ કહેવામાં આવે છે.

દૃષ્ટાંતમાં એ વાત છે, કે **'બહારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે !'** કે એની કીમત

છે. હોંશ અને ઉત્સાહ આવે છે એનું કારણ કે એની કીમત છે. કીમત છે એના કરતાં પણ એ પોતાનું છે એ વિશેષતા છે, એનું એને મમત્વ છે.

બીજા કરતા પોતાની ચીજ નબળી હોય, તોપણ પોતાનું છે એમાં એને હોંશ છે. ઠીક! શું છે? બીજા કરતાં નબળું હોય, સંયોગમાં નબળાપણું હોય, તોપણ પોતાનું છે એમાં એને હોંશ છે. પાડોશીનો છોકરો હોશિયાર હોય, ગુણવાન હોય, દેખાવડો હોય, બધી રીતે સારો હોય. પોતાનો એવો ન હોય પણ એથી હીણો થોડો હોય, છતાં પોતાનો છે એમાં એને રસ છે. પોતાપણામાં એને રસ છે અને હોંશ છે, મમત્વ છે ત્યાં એને હોંશ છે. આમ વાત છે. સારું છે કે સારું નથી એની સાથે એને બહુ મતલબ નથી. પણ એને પોતાપણું છે એની સાથે મતલબ છે. હોંશ શેમાં છે?

એમ અહીંયાં જે જાણનાર સ્વરૂપ છે, એમાં પોતાપણું ન થાય અને પર તત્ત્વ તરીકે એનું જાણપણું કર્યું હોય, પરપણે જ્યાં સુધી એને જાણે છે, ત્યાં સુધી એને ક્યાંય હોંશ અને રસ આવતો નથી, એને અંદરથી જોર આવતું નથી. એટલે વેદનથી પકડાવે છે. વેદનથી પકડાવાનું કારણ એ છે કે એમાં પોતાપણું અનુભવગોચરપણે છે. પોતાપણું જ્ઞાનમાં, આત્મામાં પોતાપણું અનુભવગોચરપણે છે. વિચાર, વિકલ્પથી ભેદ–જુદું ભેદ પડે છે, જુદું રહી જવાય છે. હું આવો આત્મા, હું પરિપૂર્ણ આત્મા, હું ધ્રુવ આત્મા, હું ત્રિકાળી આત્મા, હું શુદ્ધાત્મા. એમ એ હું અને આત્મા વચ્ચે ભેદ રહે છે, ત્યાં સુધી પોતાપણું નથી. ભેદ પોતે જ દિવાલ છે. એ વિકલ્પની દિવાલ છે, રાગની દિવાલ છે. જે એને પોતાના સ્વાનુભવમાં અંતરાય છે.

જ્યાં સુધી અનુભવ થતો નથી ત્યાં સુધી વિકલ્પ રહે છે. નિર્વિકલ્પ અનુભવ થતો નથી ત્યાં સુધી વિકલ્પ રહે છે. સવિકલ્પદશા રહે છે. ભલે પછી તે વિકલ્પ આત્માના સ્વરૂપ સંબંધિત હોય. પણ સ્વરૂપ અંગેનો વિકલ્પ સુદ્ધા પણ અભેદ અનુભવમાં ભેદ પાડનાર, આડો ઊભો રહેનાર, અંતરાય છે. એ વિકલ્પનો પડદો છે, એમાં હજી આત્માના દર્શન થયા નથી. એ વિકલ્પ છે એને તોડવા માટે નિર્વિકલ્પ જે વેદન છે, એના અવલોકનમાં આવે ત્યારે એમાં એને પોતાપણું છે. પોતામાં પોતાપણું છે એમ સમજવાનું મળે છે. સમજવાનું મળે છે એ પોતાપણું કેળવાતું જાય છે ત્યારે એને અનુભવ આવે છે, કેળવાયને અનુભવ આવે છે. જ્ઞાન કેળવીને (અનુભવ થાય છે).

કેળવણીનો વિષય લીધો છે ને ૨૩૬માં ? અનુસંધાન બહુ સ્પષ્ટ છે. **'જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે...'** એમ લીધું છે. **'તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને તે વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે.'** સામર્થ્ય કહો કે જોર કહો. જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે. સામર્થ્ય કહો કે જોર કહો. અહીં જોરનો પ્રશ્ન ચાલ્યો છે. એ અનુસંધાન છે એ આટલું છે. કે એ જ્ઞાન છે એ જોર થવાનું કારણ છે. જ્ઞાનમાં વસ્તુ જેવી છે એવી અવભાસિત થાય, ચોક્કસ વસ્તુ છે એવું ચોક્કસ ભાસન થાય, ત્યારે જ્ઞાનમાં સામર્થ્ય આવે, ત્યારે જ્ઞાન જોર પકડે. એ જ્ઞાન જોર પકડે છે એ શેનું જોર પકડે છે ? કે પોતે જેવો સ્વરૂપથી નિર્વિકલ્પ છે એનું જોર છે. આવો જ છું એમ જોર છે. ત્યાં એથી વિરુદ્ધ જે વિકલ્પ છે, એ નિર્બળ થઈને નાશ પામે છે. એમ બને છે. એટલે જ્ઞાન જ કારણ છે. એ તો આગળ લીધું છે. અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે અને બીજું કોઈ અંતર્મુખ થવામાં કારણ નથી.

જેમ પરપદાર્થનો સંપર્ક થવામાં જ્ઞાન જ સાધન છે, જ્ઞાન દ્વારા જ પરપદાર્થને જાણવામાં અને જાણીને તે પર હોવા છતાં સ્વપણે એનો સંબંધ જોડવામાં જ્ઞાન જ નિમિત્ત થાય છે અને એ જ્ઞાન દ્વારા જ એ બહિર્મુખ થાય છે. તેમ તે જ જ્ઞાન દ્વારા તે અંતર્મુખ થાય છે. આ પરિસ્થિતિ છે.

જ્યારે એ બહિર્મુખ વલણ છોડે ત્યારે એને અંતર્મુખતા ઊભી થાય. અને તે જ્ઞાન પોતે પોતાને અવલોકવા ભણી આવે ત્યારે. પોતામાં પોતે પોતાને જાણે ત્યારે. ત્યારે એને પોતાનો પોતા સંબંધિત રસ આવે, ઉત્સાહ આવે, અને જોર આવે. ત્યાં સુધી એને

એનું જોર આવતું નથી. આ જોરનો, પુરુષાર્થનો પ્રશ્ન જરા મુદ્દાનો છે.

પુરુષાર્થ ઊપડતો કેમ નથી ? ભાઈ ! જ્ઞાનમાં ઊપડ્યા વગર રહે નહિ અને અજ્ઞાનમાં ઊપડે એવું બને નહિ. બે વાત સીધી છે. અજ્ઞાન હોય અને એ અજ્ઞાનને જ્ઞાન માની લીધું હોય. આ તો શાસ્ત્રમાં નવ તત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું છે એવું સ્વરૂપ તો શાસ્ત્ર કહે છે એવું જ બરાબર મને જ્ઞાન છે. એવું જ જ્ઞાન છે તો કેમ મને પુરુષાર્થ થતો નથી ? એ વાત બની શકે એવી નથી. જ્ઞાનને અને પુરુષાર્થને અવિનાભાવી સંબંધ છે. કેવા જ્ઞાનને ? કે સાચા જ્ઞાનને. ખોટા જ્ઞાનને નહિ.

**'એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ.'** અંદરમાં પોતાનો સ્વભાવ મહા આશ્ચર્યકારી અનંત મહિમાવંત છે, એવો જાણીને તેની હોંશ અને ઉત્સાહ આવવો જોઈએ. ૨૫ વર્ષથી પરદેશ ગયેલો દીકરો હોય, સ્વજન હોય અને આવવાના સમાચાર માત્રથી હોંશ આવે, પ્રત્યક્ષ મળવાથી તો રસ કેટલો રેડાય એ સમજાવવાની જરૂર નથી.

અહીંયાં અનાદિકાળથી ખોવાઈ ગયેલું મહાન પરમાત્મપદ છે, એનો પત્તો લાગવાના આ બધા સમાચાર છે. અનંત કાળથી ખોવાઈ ગયેલા પરમાત્મપદને કહેનારા આ બધા સમાચાર છે. એ સમાચારમાં એને ઉત્સાહ આવે, અભેદ અનુભવમાં તો એ ઉત્સાહથી એ ન લાગે એવું કેમ બને ? એમ કહે છે. છતાં લાગતું નથી, ત્યારે મહામોહનીયનું બળ પ્રવર્તે છે એમ જાણવું જોઈએ.

'શ્રીમદ્જી'એ એક જગ્યાએ કહ્યું છે, કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે, એટલે પરમ સત્યના, પરમ સત્ય સ્વરૂપના પ્રતિપાદન કરનારાઓ મળે અને આ જીવ પરમ સત્યના દર્શન ન કરે, અનુભવ ન કરે, ન દેખે, બતાવે છતાં દેખે નહિ, નિસ્પૃહી એવા દેવ-ગુરુ-શાસ્ત્ર; એને કાંઈ જોઈતું નથી, એ બતાવે અને આ દેખે નહિ ત્યારે એમ જાણવું કે મહામોહનીયનું બળ પ્રવર્તે છે. મોહ બળવાનપણે પ્રવર્તે છે. એ ૨૬૪ બોલ થયો.

---

*(પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)*

પ્રતિકૂળ છે. જાણવું, દેખવું, આનંદ જેનો સ્વભાવ, એ વસ્તુને અનુકૂળ છે અને પુણ્ય-પાપના ભાવ એ વસ્તુના સ્વભાવથી વસ્તુને પ્રતિકૂળ છે. આહા..હા..! શું કહ્યું ?

જે સ્વતઃસિદ્ધ પદાર્થ પ્રભુ ! એનું જે જાણવું, દેખવું, આનંદ એ એનો અનુકૂળ સ્વભાવ હોય અને એમાં પુણ્ય અને પાપના વિભાવ છે એ પ્રતિકૂળ છે, એ એના સ્વભાવમાં હોય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ ટૂંકા શબ્દો છે પણ વસ્તુ વસ્તુ છે, સ્વતઃસિદ્ધ છે અને તેનો સ્વભાવ–સ્વભાવવાનનો સ્વભાવ, સ્વભાવવાનને અનુકૂળ હોય. આહા..હા..! જાણવું, દેખવું, આનંદ આદિ. અને તેમાં જે વિભાવ રાગ-દ્વેષ (થાય છે) એ પ્રતિકૂળ છે, એ વિભાવ પ્રતિકૂળ છે. માટે તેની સ્વભાવની જાત નહિ. એ દ્રવ્યના સ્વભાવની જાત એ નહિ. સ્વભાવ છે તે અનુકૂળ હોય, એના પ્રતિકૂળ છે એની જાત નહિ. આહા..હા..! એમ જાણીને વિકારથી હઠી અને સ્વભાવને અનુસરવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. વિશેષ કહેશે...

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૧૨નું) શુલ્ક શ્રી ડૉ. જયંતભાઈ વીરજી ગાલા, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૩-૨૪ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૨-૦૮-૧૯૯૧

૨૩ મો પત્ર. **'આપકા વ .. કા પત્ર મિલા થા. મેરે સોનગઢ આકર શ્રી ગુરુદેવ કી વાણી કા લાભ લેને વાસ્તે લિખા સો જાના. મૈં શાયદ સિતમ્બર કે અંત મેં વહાં આ સકૂંગા, ઇસકે પહલે આના હોતા નહીં દિખાઈ દેતા.'** ઑગષ્ટમાં લખે છે અને સપ્ટેમ્બર ત્યારપછીનો મહિનો. લગભગ નોરતામાં આવતા અથવા દિવાળી ઉપર આવતા. એથી વહેલા આવે તો આપણા પર્યુષણમાં કોઈવાર આવે. એ સિવાય નથી આવ્યા. **'મુઝે આપકે પહલે કે પત્ર નહીં મિલે થે, કારણ સમઝ મેં નહીં આયા. આશા હૈ ગુરુદેવશ્રી સુખ-સાતા મેં વિરાજતે હોંગે.'** એટલે ખાલી પત્રની પહોંચ લખી છે ૨૩ મો પત્ર (છે).

પછી નીચે 'ગુરુદેવશ્રી'ના બે વચનામૃત છે.

દ્રવ્ય છે. **'દ્રવ્ય દ્રવ્યદૃષ્ટિ સે નિષ્ક્રિય હૈ ઓર પર્યાય દૃષ્ટિ સે સક્રિય હૈ.'** અથવા ગુણદૃષ્ટિએ સ્વભાવરૂપ છે અને પર્યાયદૃષ્ટિએ પરિણમનરૂપ છે. અહીંયાં શું છે ? નય વિવિક્ષા છે. એટલે દ્રવ્યદૃષ્ટિએ જોઈએ અથવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો તે નિષ્ક્રિય છે પણ પ્રમાણજ્ઞાન સાથે નય હોય છે. એટલે પ્રમાણ વગરનું દ્રવ્ય લેવાનો પ્રશ્ન રહેતો નથી. પર્યાયદૃષ્ટિથી – પર્યાયાર્થિકનયથી જોઈએ તો તે સક્રિય પરિણમતું દેખાય છે પણ ત્યારે પણ નિષ્ક્રિય અંશ તો જ્ઞાનમાં હોય જ છે. કેમકે પ્રમાણપૂર્વક નય વર્તે છે ને.

**'એક ઓર જ્ઞાનસિંધુ હૈ ઔર દૂસરી ઓર ભવસિંધુ હૈ, જહાં રુચે વહાં જા.'** ભવનો પણ દરિયો છે, સંસાર છે એ ભવનો દરિયો છે. છેડો નથી. આત્મા અંદર જ્ઞાનનો દરિયો છે એને પણ અંદરમાં છેડો નથી. બન્ને તળિયા વિનાના સમુદ્ર છે. સિંધુ એટલે સમુદ્ર. એક બાજુ જ્ઞાનનો સિંધુ છે તો બીજી બાજુ ભવનો સિંધુ છે, તને જ્યાં રુચે ત્યાં જા. આ તો માણસની આગળ અભક્ષ્યની વાત આવે ત્યારે એમ કહે કે, એ તો



ભગવાને બનાવ્યું ત્યારે આપણે ખાઈએ છીએ ને, ખાવા માટે તો ભગવાને બનાવ્યું છે; (તો પછી) ઝેર પણ બનાવ્યું છે ભગવાને, ખા ને ! તો ત્યાં ના પાડશે. ઝેર ખાઈ લ્યે છે ? એમ ફાવતું પકડે છે. અહીંયાં એમ કહે છે કે તને શું રુચે છે નક્કી કરી લે. તારો નિર્ણય તારે કરવાનો છે. અમારે કાંઈ લેવા-દેવા નથી.

એક બહુ સુંદર આ માર્ગની વાત છે ઇ નિષ્પૃહતાની છે. કહેનારા જીવ સામા જીવને પરમ હિતની વાત કરે, ઉત્કૃષ્ટ હિતની વાત કરે, પૂર્વે એનું હિત ન થયું હોય એવા અપૂર્વ હિતની વાત કરે, છતાં કાંઈ લેવા કે દેવા. કોઈ અપેક્ષાબુદ્ધિ વિના (કહે છે). સંસારમાં એવો વ્યવહાર નથી. સંસારમાં તો આપે તો એની સામે લીધા વગર રહે નહીં. આ માર્ગની આ સુંદરતા છે (કે) કોઈથી કાંઈ જોઈતું નથી, કોઈને સાથે કાંઈ અપેક્ષા નથી. સત્ય આ છે જેને ગરજ હોય, પોતાની હિતની ગરજ હોય ઇ ગ્રહણ કરે નહીંતર આ અમે અમારા રસ્તે ચાલ્યા. અનંતા જ્ઞાનીઓ(ની) ખબર નથી પડી જગતને કે આ જ્ઞાનીઓ થઈ ગયા અને સિદ્ધાલય સુધી પહોંચી ગયા.

મુમુક્ષુ :– મુમુક્ષુની ભૂમિકામાં જીવે આપસમાં નિષ્પૃહતાથી રહેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નિષ્પૃહતાથી રહેવું જોઈએ. જો જ્ઞાની થવું હોય તો મુમુક્ષુતા તો જ્ઞાનદશાની કેળવણીની દશા છે. મુમુક્ષુતાનું બીજું નામ શું છે ? જેના ફળ સ્વરૂપમાં જ્ઞાનદશા ઉત્પન્ન થાય એ તો કેળવાયેલું Result છે, Resulted position જેને કહેવાય, ફળશ્રુતી છે એ તો. એ પહેલા કેળવણી શેની થઈ છે ? મુમુક્ષુદશામાં કેળવણી થઈ છે. જો જ્ઞાની

નિષ્પૃહ છે તો કહ્યા વગર એ વાત સિદ્ધ થાય છે કે એમણે મુમુક્ષુતામાં નિષ્પૃહતા કેળવી હતી ત્યારે જ્ઞાની થયા છે. નહીંતર જ્ઞાની થાય નહીં. આ સીધી વાત છે. જ્યાં અપેક્ષા રાખી ત્યાં બધા દોષ આવીને ઊભા રહેવાના છે. ભય પણ આવવાનો છે અને બધુંય આવવાનું છે. ત્યાં કોઈ દોષ બાકી નહીં રહે.

મુમુક્ષુ :– ઓલા દોષ હોય તો સમજી લેવું કે અંદરમાં અપેક્ષા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અપેક્ષા હોય તો જ થાય. એ (નિસ્પૃહતાની) બહુ મોટી વાત છે.

મુમુક્ષુ :– સૂત્ર જેવી વાત કરી છે, જ્યાં રુચે ત્યાં જા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. તને જ્યાં રુચે ત્યાં જા. અમારે શું છે ? અમે તો કહીને, આંગળી ચીંધીને દૂર રહ્યા. આંગળી ચીંધ્યાનું પુણ્ય કહે છે પણ અમારે તો ઇ પણ જોઈતું નથી. લોકો એમ કહે છે કે, આંગળી ચીંધ્યાનું પુણ્ય છે ને ! રસ્તો તો દેખાડ્યો. તો કહે (છે), ઇ પુણ્ય પણ અમારે નથી જોઈતું. સન્માર્ગને પ્રવર્તવા માટે, પ્રવર્તાવવા માટે સહેજે બંધાયેલું પુણ્ય ભોગવ્યા વગર જ નિર્જરી જાવ ! એવી ભાવના હોય છે. એનો ઉપભોગ કર્યા વગર એ નિર્જરી જાવ ! એને ઉદયાભાવિક ક્ષય કહે છે. એને ઇચ્છતા નથી. પુણ્ય બંધાઈ જાય છે પણ એને ઇચ્છતા નથી. એટલા નિષ્પૃહ છે !

પછી ૨૪ મો પત્ર છે એ ઓક્ટોબરનો છે.

**'ચૈતન્યમૂર્તિ શ્રી ગુરુદેવાય નમઃ'**

**આપકા વાત્સલ્યુક્ત પત્ર યથાસમય મિલા. ભરતખંડ કા અલૌકિક કર્તા-કર્મ અધિકાર,...'** જોયું ! ભરતખંડનો અલૌકિક કર્તા-કર્મ અધિકાર છે, ભરતખંડમાં આ અધિકાર આવો બીજે ક્યાંય નથી. મિથ્યાત્વને છેદવાની વાત છે ને ! **'આત્મરસ સે ઓતપ્રોત વક્તા,...** 'ગુરુદેવ'ને વિશેષણ શું લગાડ્યું છે ? આત્મરસથી ઓતપ્રોત વક્તા. ઇ કહે છે ઇ રસમાં આવીને કહે છે. એકલા રસ તરબોળ પ્રવચન આવે છે.

**'સાધક મુમુક્ષુગણ શ્રોતા,...'** મુમુક્ષુગણમાં પણ સાધક આત્માઓ બેઠા છે. **'જિનાલય કી સામૂહિક ભક્તિ,...'** અને ત્યારે બપોરે જિનાલયમાં 'બેન-બહેનશ્રી' ભક્તિ કરાવતા હતા એ સામૂહિક ભક્તિ, **'નિરંતર અમૃતવાણી સે સંસ્કારિત-તૃપ્ત ભૂમિસ્થાન...'** અને એ 'ગુરુદેવ'ની અમૃતવાણીથી સંસ્કારિત થયેલું એવું જે ભૂમિસ્થાન – 'સોનગઢ'ની ભૂમિ. **'આદિ સમવસરણ-સે દશ્ય...'** એ સમવસરણ જેવા દશ્ય છે. **'પુણ્યહીન કો નહીં સંભવતે, અતઃ વિયોગ હૈ.'** મારા જેવા પુણ્યહીનને આવા સંયોગો નથી, એનો મને વિયોગ છે. વિયોગના કાળમાં આટલો મહિમા કર્યો છે ! મફતમાં મળે ને એને કિંમત ન હોય. મફતમાં પુણ્યયોગે મળી જાય એટલે કિંમત ન હોય પણ જેને વિયોગ હોય એને ખ્યાલ આવે કે આ કેવી ચીજ છે.

**'લાભ પ્રાપ્ત કરને કી તીવ્ર પ્રતિક્ષા હૈ.'** લાભ પ્રાપ્ત કરવાની મને તીવ્ર (પ્રતિક્ષા) છે. હું રાહ જોઉં છું. પ્રતિક્ષા એટલે રાહ જોવી. આ પ્રતિક્ષાલય નથી (હોતા), સ્ટેશન ઉપર અને એરોડ્રામ ઉપર હિન્દીમાં લખે ને પ્રતિક્ષાલય. પુરુષોં કે લિયે પ્રતિક્ષાલય, બહેનોં કે લિયે પ્રતિક્ષાલય. પહલે વર્ગ કે લિયે પ્રતિક્ષાલય, દૂસરે વર્ગ કે લિયે પ્રતિક્ષાલય. રાહ જોવાની ત્યાં બેસીને. હું પણ રાહ જોઉં છું, 'ગુરુદેવ'ના સંયોગની હું રાહ જોઈ રહ્યો છું કે એવો યોગ મને ક્યારે પ્રાપ્ત થાય.

પ્રશ્ન :– જ્ઞાનીને મળવા પ્રતીક્ષાભાવ આવે ?

સમાધાન :– હા, આવે. જ્ઞાનીને સત્સંગની ભાવના બહુ રહે. 'શ્રીમદ્જી'ને પણ એટલી જ ભાવના રહી છે અને 'સોગાનીજી'ને પણ એટલી જ સત્સંગની ભાવના રહી છે. તો મુમુક્ષુને હોય ઇ તો કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. 'હૈદ્રાબાદ'થી દોડીને ચાલ્યા આવવું, બીજું શું ? 'હૈદ્રાબાદ'થી આવે છે, નાની ઉંમરમાં સારો રંગ લાગ્યો છે.

મુમુક્ષુ :– ભક્તિનો પ્રકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભક્તિરસ છે 'ગુરુદેવ' પ્રત્યે ભક્તિનો રસ છે. ભલે 'સોનગઢ' તીર્થના વખાણ કર્યા છે, ત્યાંના શ્રોતાના વખાણ કર્યા છે, અરે ! ભલે ને ત્યાંની ધૂડના વખાણ કરે કે 'ગુરુદેવ'ના વખાણ કરે

પણ એમનો ભક્તિરસ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– સપ્ટેમ્બરમાં આવવાનું લખ્યું પણ આવ્યા લાગતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– લાગતું નથી. હવે શું ખબર પડે, આગળ-પાછળ કાંઈ લીટી નીકળી પડે તો ખ્યાલ આવે નહીંતર ખબર પડે એવું નથી.

**'પૂજ્ય ગુરુદેવ કહતે હૈં...'** જુઓ ! તત્ત્વનો વિષય 'ગુરુદેવ' કહે છે એમ કરીને નાખશે, બહુમાન 'ગુરુદેવ'નું કરે છે ને ! **'બહુમાન આદિ કે શુભરાગ કી મહિમા નહીં આકર, ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવ કી અનુપમ મહિમા કે દઢ નિર્ણય કા પરાક્રમ હોનેપર અંતર સ્વભાવ મેં વલણ હોતા હૈ.'** અંતર્મુખ ક્યારે થાય ? જીવના પરિણામનું વલણ અંતર્મુખ ક્યારે થાય ? કે બહુમાન આદિના શુભરાગની મહિમા ન આવવી જોઈએ અને ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવની અનુપમ મહિમાના દઢ નિર્ણયના પરાક્રમ હોનેપર. જુઓ ! નિર્ણયની ભૂમિકા લઈ લીધી. નિર્ણય, મહિમા અવિનાભાવી છે. જેને સ્વરૂપ નિર્ણય હોય એને સ્વરૂપ મહિમા અપૂર્વ હોય. સ્વરૂપ મહિમા અપૂર્વ હોય તો દઢ નિર્ણયપૂર્વક હોવો જોઈએ. શરૂ થાય (ત્યારે) અંતર સ્વભાવનું વલણ થાય. (એ નથી થતું) ત્યાં સુધી અંતર સ્વભાવમાં વલણ નથી થતું.

હજી આપણે ત્યાં તો પ્રશ્ન પૂછાય છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને આત્મા આનંદસ્વરૂપ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બરાબર આપણે એનું સ્વરૂપ સમજ્યા પણ હવે મહિમા કેવી રીતે કરવો ? આમ પ્રશ્ન ઊપજાવે છે. મહિમા કેવી રીતે કરવો ? મુમુક્ષુઓ એ પ્રશ્ન ઉઠાવે છે. અમારે મહિમા કેવી રીતે કરવો ?

ભાઈ ! પદાર્થ મહિમાવંત ભાસે અને મહિમા ન આવે એમ બને નહીં. અને પદાર્થની મહિમા ન ભાસે તો આ પ્રશ્ન ઊભો થયા વગર રહેશે નહીં કે, મને મહિમા કેવી રીતે કરવો ? આત્મામાં અનંત જ્ઞાન ખરું, અનંત સુખ ખરું પણ મહિમા કેવી રીતે કરવો ? તો તું આત્માની વાત નથી કરતો પણ તું (બીજી વાત કરે છે).

'જયસેનાચાર્યે' 'પ્રવચનસાર'ની ટીકા કરતા કરતા આત્માનો અર્થ કર્યો છે કે, આત્મા આત્મા આત્મા આત્મા આત્મા એની વાત આવે પણ આત્મા કોણ ? 'आत्मा इति को' ? 'को इति चेत' આત્મા એટલે કોણ પણ ? બે જ શબ્દમાં ઉત્તર આપ્યો છે – 'अहं इति'. બસ ! જાવ. આત્મા એટલે હું. બીજું કોઈ નહીં. હવે આત્મામાં અનંત સુખ છે, મારામાં નહીં, જાણે કો'કનામાં (હશે). પછી મહિમા કરવાનો !

જુઓ ! આત્મા અનંત મહિમાવંત છે કે નહીં ? તો કહે હા, આત્મા તો અનંત મહિમાવંત છે. હવે જો તું હા પાડે છે કે આત્મા અનંત મહિમાવંત છે તો હવે હું તને પ્રશ્ન પૂછું છું કે, જો આત્મા અનંત મહિમાવંત છે તો તને મહિમા નહીં આવવાનું શું કારણ છે ? ઇ તું મને સમજાવ હવે. તારા પરિણામ તપાસીને મને સમજાવ કે, જો તને સમજણમાં તો આત્મા અનંત મહિમાવંત લાગ્યો છે, હવે તું કહે છે કે મહિમા આવતો નથી (તો) તને શું કરવા નથી આવતો ઇ મને સમજાવ ને ? અનંત મહિમાવંતની હા શું કરવા પાડી ? અનંત મહિમાવંત આત્મા ? હા, અનંત મહિમાવંત. (તો પછી) મહિમા કેમ નથી આવતો ? એણે પોતાના પરિણામનું અવલોકન કર્યું નથી કે શું કરવા મહિમા આવતો નથી. અવલોકન કરે તો ખબર પડે કે અનાત્માનો મહિમા ઘણો કરે છે માટે આત્માનો મહિમા નથી આવતો. એક મ્યાનમાં બે તલવાર રહે નહીં. મહિમા બે વિરુદ્ધ ચીજનો ન હોય. દુશ્મનનો પણ મહિમા કરે અને મિત્રનો પણ મહિમા કરે એવું કદી બને નહીં. એ બની શકે નહીં. પરસ્પર વિરુદ્ધ બેનો મહિમા હોઈ શકે નહીં. જડનો પણ મહિમા અને ચેતનનો મહિમા ! સ્વનો પણ મહિમા ને પરનો પણ મહિમા ! (એ) ન બની શકે.

પ્રશ્ન :– સમજ્યો છે એમ કહે છે ઇ કોના આધારે કહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– કલ્પનાના આધારે. ભાઈ ! એને કલ્પના થાય છે કે હું સમજી ગયો છું. સમજ્યો નથી પણ સમજ્યાની એને કલ્પના થાય છે. એના આધારે કહે છે કે હું સમજ્યો છું. વાતમાં કાંઈ માલ નથી. ઇ સમજણમાં કાંઈ માલ નથી.

પ્રશ્ન :– ભ્રમ છે ?

સમાધાન :– હા, નવો વિભ્રમ. વિભ્રમ ઉપર એક કળશ ચડાવ્યો, નવો વિભ્રમ થયો (કે), હું સમજ્યો. વિભ્રમ વધ્યો.

મુમુક્ષુ :– આમાં દર્શનમોહ સીધો વધી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સીધો જ વધે. પર્યાયદૃષ્ટિ તે દર્શનમોહ છે. પર્યાયબુદ્ધિ – 'પર્યાયમૂઢા પરસમયા'. હવે આ જે સમજણની ક્ષયોપશમની પર્યાય થઈ એમાં અહંપણું કર્યું, સંતોષ આવ્યો. પર્યાયમાં પર્યાયબુદ્ધિ હતી ને પર્યાયમાં સંતુષ્ટ થયો એટલે એણે દર્શનમોહ તીવ્ર કર્યો.

પ્રશ્ન :– ગૃહીતમાં ગયો ?

સમાધાન :– એમાં એવું છે કે બુદ્ધિપૂર્વક હોય તો ગૃહીતમાં અને અજાણપણે થાય તો અગૃહીતમાં (જાય). બે ભેદ પડે છે. સમજણપૂર્વક ભૂલ કરે તો ગૃહીતમાં. અને એમ ને એમ તો અનાદિનું વર્તે જ છે, પર્યાયબુદ્ધિ અગૃહીતપણે તો ચાલુ જ છે. એ અગૃહીતમાં છે, અનાદિથી છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયને અગૃહીત મિથ્યાત્વ અનાદિથી છે. દેહાત્મબુદ્ધિ, વિકલ્પાત્મકબુદ્ધિ, પર્યાયબુદ્ધિ અનાદિથી છે. પણ સમજીને ભૂલ કરે તો ગૃહીત મિથ્યાત્વની ભૂલ છે.

પ્રશ્ન :– જ્ઞાનના ક્ષયોપશમમાં તો બધું સ્વીકાર્યું છે પણ પછી ભૂલ કરે તો ગૃહીતમાં જાય ને ?

સમાધાન :– હા, જાય ને, જાય. સમજ્યો નથી છતાં સમજ્યો એમ માને એટલે ગૃહીતમાં જાય. લ્યો ! ચોખ્ખી વાત છે. આ ચોખ્ખી વાત છે. એ આકરી વાતો બહુ છે. કહેવા જઈએને તો સમાજમાં ખળભળાટ થાય એવું છે. એટલે કેટલીક વાત કહેવા જેવી નથી.

અમે 'કાનજીસ્વામીવાળા', અમે કાંઈ 'શ્રીમદ્‌વાળા' નથી – આ ગૃહીત કે અગૃહીત કહો જોઈએ ? ગૃહીત મિથ્યાત્વ છે. એટલા માટે 'ધર્મદાસજી'એ કીધું કે, હું વિષ્ણુમતિ નથી, બૌદ્ધમતિ નહીં પણ જૈનમતિ નથી. 'શ્રીમદ્‌જી'એ એ પદ લીધું. 'મતવાલા સમજે ન.' મતવાળો છે એ નહીં સમજે. પછી ભલેને જૈનમતના નામે વાત કરે કે 'કાનજીસ્વામી'ના મતની વાત કરે કે 'શ્રીમદ્‌જી'ના મતની વાત કરે. ગૃહીતમાં ચાલ્યો જાય, સીધો જ તે. આ સંપ્રદાયબુદ્ધિ છે. જ્ઞાની કોઈ ગચ્છમાં નથી, મતમાં નથી, વાડામાં નથી, આત્મામાં છે. આવું છે.

મુમુક્ષુ :– વ્યવહારમાં તો એમ બોલાય ને કે, ....

પૂજ્ય ભાઈશ્રી :– બોલાય તો એમ કે આ ભાઈ કોના દીકરા ? કે આના દીકરા. વ્યવહારમાં બોલવામાં ક્યાં વાંધો છે ? બોલવામાં એમ કહેવાય કે મને તાવ આવ્યો છે. બોલવામાં ક્યાં વાંધો છે પણ જાણવું તો એમ જોઈએને કે શરીરને આવ્યો છે, મને નહીં. સમજણ ચોખ્ખી હોવી જોઈએ. બોલે, પાણીનો લોટો બોલવામાં શું વાંધો છે ? બોલવામાં કાંઈ વાંધો નથી પણ સમજવામાં વાંધો છે. વ્યવહારમાં તો વ્યવહારની બોલણી હોય એનો વાંધો નથી, સમજણમાં ચોખ્ખું હોવું જોઈએ કે ક્યાંય સંપ્રદાયબુદ્ધિમાં રહેવાનું નથી.

મુમુક્ષુ :– પંચાગમાં સ્પષ્ટ લખ્યું છે, પંચાગ બહાર પડે દર વર્ષે એમાં સંપ્રદાયબુદ્ધિ નહીં એવું 'ગુરુદેવશ્રી'નું વાક્ય લખ્યું છે, સંપ્રદાયબુદ્ધિ ન જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– ન જોઈએ. સંપ્રદાયબુદ્ધિમાંથી તો એટલા બધા પાપ જન્મે છે કે વાત મૂકી દ્યો. પછી તો કષાય મંદ રહેવો મુશ્કેલ છે, એવો કષાય છે. એમ કે આ અમારા સંપ્રદાયવાળા, અમે બીજાને ન માનીએ. પછી જ્ઞાની હોય કે ગમે તે હોય. એણે દેવ-ગુરુ-શાસ્ત્ર બધાને ઉડાડ્યા. એક સત્પુરુષને ઉડાડ્યા એટલે એણે દેવ-ગુરુ-શાસ્ત્ર બધાને ઉડાડ્યા.

મુમુક્ષુ :– અનંતાને ઉડાડ્યા.

પૂજ્ય ભાઈશ્રી :– અનંતા ત્રણે કાળના (જ્ઞાનીને) ઉડાડ્યા. સંપ્રદાયબુદ્ધિમાં કેવો મોટો અપરાધ છે, કહો જોઈએ. Enlarge કરોને તો છાતી બેસી જાય એવી વાત છે.

મુમુક્ષુ :– 'સોનગઢ' એટલે અનંત જ્ઞાની..

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે તો પહેલા સોનગઢમાં એવું લખાણ હતું. 'દિગંબર' શબ્દ નહોતા વાપરતા, 'સનાતન જૈનદર્શન' એવો શબ્દ વાપરતા. હા,

'સ્વાધ્યાય મંદિર' પહેલુંવહેલું બંધાણું ત્યારે એના ઉપર સનાતન જૈન ધર્મ (લખ્યું હતું), દિગંબર જૈન ધર્મ નહોતો લખ્યો. સનાતન જૈન ધર્મ લખ્યો હતો. કેમકે 'ગુરુદેવ' પોતે દિગંબર-શ્વેતાંબરના મતવાદમાં પડવા નહોતા માગતા. પરિવર્તન કર્યા પછીની આ વાત છે.

મુમુક્ષુ :– મંદિર થયું ત્યારે લખ્યું છે ને ? મંદિર ઉપર પણ લખ્યું હતું સનાતન.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સનાતન જૈન મંદિર. સનાતન જૈન ધર્મ. દિગંબર-શ્વેતાંબર નહીં. પ્રારંભમાં આ પરિસ્થિતિ હતી પછી આ દિગંબરો બહુ આવવા મંડ્યા પછી એ લોકોનું થોડું Pressure થયું કે ભાઈ ! આમાં તો શ્વેતાંબર-દિગંબર જુદાં નહીં પાડો તો ઘણી બધી મુશ્કેલી થાશે. દિગંબર આમ્નાય તો સ્વીકારો છો ને ? શ્વેતાંબર આમ્નાયનો સ્વીકાર નથી એ વાત તો પાકી છે ને ? ઇ વાત પાકી છે. મતમાં લોકો ન ચડી જાય (એટલે નથી લખ્યું). તો કહે, એ બીજી વાત છે. ચોખ્ખું કરો, ભાઈ ! એટલે પછી (લખ્યું).

મુમુક્ષુ :– 'સનાતન' શબ્દ તો રાખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે. સનાતનનો અર્થ શું છે (કે), ત્રિકાળ વર્તે. સનાતનનો અર્થ છે ત્રિકાળ વર્તી. ત્રણેયકાળે એકરૂપે ધર્મ વર્તે છે તેને સનાતન ધર્મ કહે છે. નવો પણ નથી જન્માવ્યો, 'કાનજીસ્વામી'એ નવો કાઢ્યો નથી કે કોઈ ધર્માત્માએ નવો કાઢ્યો નથી, કોઈ તીર્થંકરે નવો નથી કાઢ્યો. ધર્માત્માની ક્યાં વાત કરવી, કોઈ તીર્થંકરે નવો ધર્મ (નથી કાઢ્યો). 'મહાવીરસ્વામી'નો ધર્મ નથી, 'ઋષભદેવસ્વામી'નો ધર્મ નથી. અનંતકાળથી અનંત તીર્થંકરોનો આ ધર્મ ચાલ્યો જ આવે છે. આ તો વસ્તુનો સ્વભાવ છે. 'વસ્તુ સહાવો ધમ્મો' એમણે તો દર્શાવ્યો એટલે એમનું નામ જોડીએ છીએ. જેણે દર્શાવ્યો એનું નામ વ્યવહારે જોડાય છે. એ કોઈનો ધર્મ નથી, કોઈના નામથી ધર્મ નથી.

મુમુક્ષુ :– સખ્ત દિગંબર જૈન મંદિર એવો શબ્દ વાપર્યો છે. બરાણપુરમાં... વાડો ત્યાં ધર્મ નહીં ને ધર્મ ત્યાં વાડો નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ગૃહીતમાં ચાલ્યા જાય. દુઃખ લાગે એવું છે, અત્યારે કહીએ તો દુઃખ લાગે. 'શ્રીમદ્'વાળાને કહીએ તો એને દુઃખ લાગે અને આપણાવાળાને કહીએ તો આપણને અહીંયાં દુઃખ લાગે એવું છે, પણ એ સમજવા જેવું છે. આત્મહિત ખાતર તો સમજવા જેવું છે અને એ સંપ્રદાયબુદ્ધિમાં ફસાવા જેવું નથી. એટલે તો તમે કીધું કે, આપણે ત્યાં પૈસા મોકલવા છે તો મોકલ્યા આપણે. કેટલાક ન સમજે એને ગમ્યું નથી. પણ તમે કહ્યું કે ભાઈ ! આપણે અહીંયાં વચનામૃત વાંચીએ છીએ, આપણા બધાના પરિણામમાં એમના પ્રત્યે બહુ ભાવ આવે છે તો ફૂલ નહીં ને ફૂલની પાંખડી આપણે બહુમાન કરીએ. આપણે તો સત્પુરુષનું બહુમાન કરીએ છીએ. પૈસા તો ધૂડ ચીજ છે. વાત તો બહુમાનની હતી તો બહુમાન કર્યું આપણે. તમે કીધું બહુમાન કરવું છે તો ના પાડી આપણે ? ઇ વખતે ખબર હતી કે, આમાં થોડી હખળડખળ થાશે. ભલે થાવા દ્યો, બીજું શું ! કો'કને હખળડખળ થાય એટલે આપણા બહુમાનના પરિણામ શું કરવા રોકવા આપણે ?

મુમુક્ષુ :– ઇ તો આપે સાબિત કરી દીધું કે આપણે વાડા-બંધીમાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :– (હા), વાડા-બંધીમાં નથી ઇ ત્યાં સાબિત કર્યું કે, અમે વાડા-બંધીમાં નથી. એટલે તો હું ત્યાં જાઉં છું, ત્યાં પ્રવચન આપવા પણ જાઉં છું. એટલા માટે કે અમે વાડા-બંધીમાં નથી. એ લોકોમાં જે અભ્યાસી અને સમજદાર માણસો હતા એણે અફવા સાંભળેલી, એવી અફવા સાંભળેલી કે 'કાનજીસ્વામી' નિશ્ચયની વાત એમ ને એમ દીધે રાખે છે, પાત્રતા જોયા વગર. 'કૃપાળુદેવે' કેવો વિવેક કર્યો છે કે એક એક જીવની પાત્રતા જોઈને જોઈએ એટલી વાત કરી અને વધારે વાત ન કરી. આ તો બધાને નિશ્ચયની વાત, સમ્યક્દર્શનની વાત કરવા મંડ્યા અને પછી લોકો બોલતા ઠીકઠીક થઈ ગયા ને અમુક તો પાછા ખાવા-પીવાના ઠેકાણા ન હોય એવા હોય અને ઇ પાછા બોલતા હોય આવી રીતે (કે), એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી ને આમ છે અને તેમ છે. એટલે

ઓલા લોકોને તો એમ થઈ ગયું કે 'કાનજીસ્વામી' બધા આવા શિષ્યોને તૈયાર કરે છે !

ભાઈ ! અત્યારના જૈનને જોઈને કાંઈ 'મહાવીરસ્વામી'નો નિર્ણય થાય ? આ વાણિયા બજારમાં જઈને વેપાર કરવા બેઠા છે. માણસ માણસનું લોહી પીવે છે એવી રીતે વેપાર કરે છે કે નહીં ? કેવી રીતે કરે છે ? ઇ લોકો બહુ બહુ ખરાબ બોલે છે કે આ લોકો પાણી ગળી ગળીને પીવે છે, લોહી અળગણ પીવે છે. શું કહે ? એ કંઈ 'મહાવીરસ્વામી'નો નિર્ણય થાય એવી રીતે ? એમ બજારમાં કોઈ બોલતું હોય એના પરથી કાંઈ 'કાનજીસ્વામી'નો નિર્ણય થાય ? જ્યારે ઇ આ વાત સાંભળે છે, 'શ્રીમદ્જી'ના વચનામૃતમાંથી આપણે એમ કહીએ છીએ કે અહીંયાં આમ આવી ઊંડી વાત અને આવી ઊંચી વાત છે; ત્યારે ઇ લોકો ચોંકી જાય છે કે અરે ! 'કાનજીસ્વામી'વાળા આવે છે ! એમ થાય છે. આજે ઇ લોકોને અભિપ્રાય ફેરવવો પડે એવી વાત છે. 'ગુરુદેવ' માટે અભિપ્રાય ફેરવવો પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. એ લોકોમાં સમજદાર વર્ગમાં મુખ્ય મુખ્ય માણસો જે છે એ (કહે છે), નહિ ! અનાદર ન કરવો, તિરસ્કાર ન કરવો, 'કાનજીસ્વામી'ના નામથી ભડકવાની જરૂર નથી. આ એટલે બોલાવે છે નહીંતર તો કોઈને આવવા ન દ્યે. 'કાનજીસ્વામી'વાળા વક્તાને આવવા ન દ્યે. ગમે એવો વક્તા હોય નહીં, જોરદાર પ્રખ્યાતીવાળો (હોય તોપણ) ત્યાં આવવા ન દ્યે, ત્યાં બેસવા ન દ્યે.

(એક ભાઈ) મૂળ હતા 'શ્રીમદ્' બાજુના જ. પછી આપણી બાજુ વળી ગયા હતા. 'અમદાવાદ'ના જજ (હતા). અત્યારે લગભગ 'મુંબઈ' રહે છે. આમ તો એકદમ ગંભીર અને ઠરેલ માણસ. મૂળ 'શ્રીમદ્'માંથી આ બાજુ આવેલા, 'ગુરુદેવ' પ્રત્યે વળેલા. પણ હવે આ બાજુ ઓછું કરી નાખેલું. પણ એ પરિચય તો હોય ને ! એટલે ત્યાં 'ઘાટકોપર'ના જ્ઞાનમંદિરમાં મને આમંત્રણ આપ્યું કે, તમે વાંચન આપો. પછી અંદરોઅંદર ચર્ચા થઈ અને ના કહેવડાવી કે નહીં 'કાનજીસ્વામી'વાળા નહીં. એટલો બધો પૂર્વગ્રહ. Highly prejudice જેને કહીએ. પણ હવે પછી ફેર પડ્યો છે. મુક્ત રીતે ચર્ચા કરતા હતા.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' પ્રત્યેનો જે જીવોનો અભિપ્રાય બદલ્યો એ જીવો તો દોષથી કેટલાક અંશોમાં છૂટી જ ગયા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એને એક જ ન્યાય આપીએ કે વ્યક્તિગત ઉપદેશ અને સમષ્ટિગત ઉપદેશનો જ્યારે ઉદય જુદાં જુદાં પ્રકારોનો હોય તો સમષ્ટિગત ઉપદેશમાં એક એક વ્યક્તિને જોખી જોખીને દેવું ઇ કેવી રીતે બની શકે ? ઇ પરિસ્થિતિ શક્ય છે ? હજારો માણસ ધર્મસભામાં બેઠા હોય તો આને આ વાક્ય કહેવું ને ઓલાને ઓલું વાક્ય કહેવું એ સંભવિત છે ? નથી સંભવિત, એ સંભવિત નથી. પાત્રતાની વાત કેટલીક કરી છે આત્મસિદ્ધિ'ના પ્રવચનો વાંચો (એટલે ખબર પડે). એ સિવાય પાત્રતાની કેટલીક વાત કરી છે. એ સિવાય પણ કરી છે. એટલે એવું નથી કે ઇ વાત કરી જ નથી. પણ એવું છે કે જ્યાં સમાજ મોટો થઈ જાય ત્યારે હંમેશાં દરેક જગ્યાએ જગતની અંદર લોઢા જેટલું સોનું ન હોય. જગતમાં લોઢું ટનની અંદર ગળાય, સોનું તોલામાં ગાળવું પડે. ઇ ટનની અંદર ગળાતું નથી અને સોના જેટલા હીરા ન હોય. સોનું તોલે તોળાય હીરા કૅરેટમાં તોળવા પડે, એ તોલે તોળાય નહીં. એને તોલાના કાટલે ન મૂકાય. એટલે દરેકમાં દરેક જગ્યાએ સારી ચીજ ઓછી છે પછી ભલે તમારો સમૂહ ગમે એટલો હોય કે ભલે આ બાજુનો સમૂહ ગમે એટલો હોય, દિગંબરનો સમૂહ ગમે એટલો હોય, શ્વેતાંબરનો ગમે એટલો હોય, 'કાનજીસ્વામી'નો ગમે એટલો હોય કે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ગમે એટલો હોય, જ્યાં સમૂહ મોટો થઈ ગયો છે ત્યાં સારી ચીજ તમને એક ટકા બે ટકા પણ મળવી મુશ્કેલ છે બાકી તો બધું સામાન્ય જે ચાલતું હોય ઇ પ્રમાણે ચાલે છે. એટલે ઇ રીતે કોઈ માપ કાઢવાનું, સત્પુરુષનું માપ ઇ રીતે ન નીકળે. ન્યાય એવો બેસી જાય. પાછા ઇ લોકો શું છે (કે), અપરાધથી બીવે છે. નહિ, સત્પુરુષનો અવર્ણવાદ થઈ ગયો ? એ એનો પશ્ચાતાપ કરે. એમના વચનોમાં તો

આત્માર્થીપણાની Line છે ને ! ઇ રીતે બીવે કે, ન સમજીએ તો કાંઈ નહીં, આપણે અવર્ણવાદ ન કરવો. કોઈ મહાપુરુષ હોય ને આપણે ન ઓળખી શકતા હોય તો આપણે એનું વિરુદ્ધ ન બોલાય, ભૂલથી ન બોલાય જવું જોઈએ. ઇ રીતે ડરે છે. આપણે ત્યાં ગમે તેમ ફેંકી દ્યે એમ ન ફેંકે. ઇ Tone ત્યાં નથી, ઇ જાતનો Tone નથી. 'શ્રીમદ્'માં ભૂલ હતી, ફલાણામાં આમ હતું એમ ફેંકે નહીં એવી રીતે. બીતા બીતા, ડરતા ડરતા કહે.

મુમુક્ષુ :– અહીંયાં તો એવો ડર પણ રહ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ડર રહ્યો નથી. સ્વચ્છંદ તીવ્ર થાય (એટલે ડર ન લાગે).

**'સ્વરૂપસીમા કો ઉલ્લંઘન કિયે હુએ પૂર્વ ઉદય, અખંડ સ્વરૂપ સંસ્થાન મેં દૌડ લગાતે હુએ, સીમાસ્પર્શ કે પૂર્વ હી ભયભીત હોકર નિરાશ્રય, લડખડાકર ગિરને લગતે હૈં.'** પોતાની ભાષામાં નિર્જરાની વાત કરી છે. ભાષા થોડીક અઘરી પડે એવી છે. એમ કહે છે કે, જે ઉદય છે, એ સ્વરૂપસીમાને ઉલંઘ્યા પછીનો વિષય છે, સ્વરૂપસીમામાં એની સત્તા નથી. સ્વરૂપમાં નથી, સ્વરૂપની પરિણતિમાં નથી એટલે એની સીમા ત્યાં પૂરી થઈ ગઈ. સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ અને શુદ્ધ પરિણામ ત્યાં સ્વરૂપની સીમાં પૂરી થઈ ગઈ. પછી જે ઉદય છે એ એની સીમાની બહારમાં છે. ઉલ્લંઘન એટલે એની બહારનો છે.

**'સ્વરૂપસીમા કો ઉલ્લંઘન કિયે હુએ પૂર્વ ઉદય...'** પૂર્વ ઉદયની આ સ્થિતિ છે. એ મારા સ્વરૂપ અને સ્વરૂપ પરિણતિની બહારની ચીજ છે. હું શું કરું છું ? કે અખંડ સ્વરૂપ સંસ્થાનમાં દોડ લગાવું છું. ધસીને જાઉં છું આત્મામાં, એમ કહે છે. જુઓ ! વેગ કેટલો છે ! પુરુષાર્થ કેટલો છે ! **'અખંડ સ્વરૂપ સંસ્થાન મેં દૌડ લગાતે હુએ, સીમાસ્પર્શ કે પૂર્વ હી ભયભીત હોકર...'** જ્યાં હું હજી સીમાને સ્પર્શ કરું છું ઇ પહેલા જ ઓલા કર્મ ને ઉદય તો બિચારા ભયભીત થઈને નિરાશ્રિત થયા થકા, લંગડાતા, આખડતા, પડતા, (આ) લડખડાનું આપણે ગુજરાતીમાં પડતા આખડતા એમ કહે. કોઈ ભાગે અને ભાગી ન શકે ને ત્યારે પડતો આખડતો ભાગે. પડતો જાય ને ભાગતો જાય. એને પડતો આખડતો કહે છે, તમારે લડખડાતા કહે છે. **'ગિરને લગતે હૈં.'** આ જે કર્મ છે એ બધા નિર્જરાવા માંડે છે. ભાગવા માંડ્યા. હજી સ્વરૂપસીમાને સ્પર્શ કરું ત્યાં તો ઇ પહેલા ભાગવા માંડ્યા.

**'ક્રમઃ ક્રમઃ પૂર્ણતા હોને કી, સુખ-શાંતિ કે અનુભવપૂર્વક નિઃશંકતા વૃદ્ધિ પામતી હૈ.'** ક્રમે ક્રમે પૂર્ણતા થવા તરફની વૃદ્ધિ થાય છે, મારી દશા પૂર્ણ થવા તરફની વૃદ્ધિ થઈ રહી છે. સુખ-શાંતિના અનુભવપૂર્વક એ વૃદ્ધિ થઈ રહી છે, નિશંક અનુભવપૂર્વક એ વૃદ્ધિ થઈ રહી છે. આવા વાક્યો આવ્યા હોય તો 'ગુરુદેવ' તો સમજે કે ન સમજે (કે) ક્યાંથી આવ્યું છે આ !

ઇ તો એકવાર કહેતા હતા કે (કર્મ) આમ પ્રત્યક્ષ જ્ઞાનમાં નથી દેખાતા પણ પરોક્ષમાં તો એવો ખ્યાલ આવે છે (કે) ઢગલાબંધ નિર્જરા થાય છે, કર્મ જરી રહ્યા છે, જર્જરિત થઈ રહ્યા છે અને ભાગી રહ્યા છે.

મૂળમાં અહીંયાં તો મનુષ્યને ઉચિત સામાન્ય ઘર, સામાન્ય કુટુંબ, સામાન્ય આર્થિક પરિસ્થિતિ, સામાન્ય આબરુ-કીર્તિ; આવા અસાધારણ જ્ઞાની છતાં મુમુક્ષુ સમાજમાં પણ એટલી આબરુ-કીર્તિ કે પ્રસિદ્ધિ નહીં, આયુષ્ય પૂરું થયું કે એક સેકન્ડમાં વૈમાનિકદેવમાં ઊપજી જાય. કેટલો બધો ફેર પડે કુદરતના ઘરમાં એક સમયની અંદર ફડાક કરતાં વૈમાનિકદેવમાં પહોંચે ! ધર્માત્માઓ સાતિશય પુણ્ય લઈને ગયા હોય છે અને ત્યાં બીજા જે ઓછા પુણ્યવાળા દેવ હોય છે એ તો અગાઉથી ત્યાં સેવામાં તૈયાર હોય છે. કુમાર અવસ્થામાં આળસ મરડીને જ્યાં પલંગમાંથી બેઠા થાય, દિવ્ય શરીર હોય, ત્યાં એની સ્તુતિઓ શરૂ થઈ જાય; અહો સ્વામી ! આવા મહાપુણ્ય કરીને તમે ક્યાંથી અહીં આવ્યા કે અમે તમારા અનુચર છીએ ! કેટલા પુણ્ય કરીને પધાર્યા અહીંયાં તમે કે અમે તમારી સેવામાં તૈયાર છીએ ! એ સ્વાગત ચાલે (એમાં) સેંકડો વર્ષ નીકળી જાય. સ્વાગત એનું ચાલે તો સ્વાગત પૂરું થવામાં સેંકડો વર્ષ નીકળી જાય. કરોડો વર્ષનું, અબજો વર્ષનું આયુષ્ય છે.

અત્યારે બે-ચાર સાગરની સ્થિતિએ જાય. બે સાગરથી ચાર સાગરની સ્થિતિએ જાય. વધીને તેત્રીસ સાગર છે ને ? એમાં અત્યારની જે સ્થિતિ છે ઇ આ સનતકુમાર, મહેન્દ્રની છે ઇ બે–ચાર સાગરની છે.

મુમુક્ષુ :– દેવલોકમાં ચારિત્ર તો હોય નહિ.

સમાધાન :– એટલે આ જે છે ને સનતકુમાર, મહેન્દ્ર વિમાનમાં જાય છે. આ જ્યોતિષ, વ્યંતરમાં ન જાય. ત્યાં ઓછામાં ઓછું બે સાગર અને વધુમાં વધુ ચાર સાગર, ઉત્કૃષ્ટમાં ચાર સાગર અને જઘન્યમાં બે સાગરનું આયુષ્ય છે. એટલે અબજો વર્ષ થયા. એમાં સ્વાગતમાં સેંકડો વર્ષ ચાલ્યા જાય. સ્વાગત પૂરું થાય ત્યાં અહીં તો પચીસ-પચાસ પેઢી જતી રહી હોય.

મુમુક્ષુ :– પહેલું નાટક છ હજાર વર્ષનું હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ બનવા જોગ છે. સ્વાગતનું નાટક હોય.

પેલા હીનપુણ્ય છે ને આ પુણ્યશાળી છે, ઓલા હીનપુણ્ય છે. પછી શું કહે ? એમ જ કહે ને. અહીંયાં શું કરે છે ? જી જી જી જી સાહેબ સાહેબ ! ઢેઢો પ્રધાન થાય તો શું કરે છે ?

સમ્યક્‌દર્શનનો ખ્યાલ ન પણ આવે પણ પુણ્યનો તો ખ્યાલ સીધો જ આવે. એટલે દીનતા તો એને ત્યાં પણ આવી જાય. મિથ્યાત્વ અવસ્થામાં ત્યાં પણ દીનતા આવે, ઊંચા પુણ્યવાળાને જોઈને દીનતા આવે, ઈર્ષા આવે, ઇ બધા પ્રકાર ત્યાં છે.

પ્રશ્ન :– ત્યાં પણ લાયક જીવો હોય ?

સમાધાન :– હા. એમાં શું, ત્યાં પણ સત્સંગ હોય છે ને અસત્સંગ હોય છે ને કુસંગ હોય છે, ત્યાં પણ. એટલે જે સંગમાં જાય એ સત્સંગમાં જાય છે, તો એમાં બીજા જીવો પણ પાત્ર થઈ શકે છે, બીજા જીવોને સમ્યક્‌દર્શન પણ થાય છે, બીજા જીવોને સમ્યક્‌દર્શન પણ થાય છે. આ ઇંદ્રાણી તો ત્યાં જઈને જ પામે છે ને ! શચી ઇંદ્રાણી છે ઇ ત્યાં જઈને જ સમ્યક્‌દર્શન લે છે. અહીંથી સમ્યક્‌દર્શન લઈને સ્ત્રીવેદમાં જાય નહીં. ઇ ત્યાં પણ પામે છે.

પ્રશ્ન :– મારું કહેવાનું એમ છે કે જ્યાં મહાપુરુષ જન્મ લેતા હોય ત્યાં એવા મુમુક્ષુઓ પણ એવા જન્મે ને ?

સમાધાન :– હા. રુચિવાળા (હોય). ઇ તો એવું છે ને દારૂના પીઠામાં દારૂડિયા જ મળે. ત્યાં બીજો માણસ ક્યાંથી જવાનો હતો ? સીધી વાત છે કે નહીં ? પીવાની રુચિ છે ઇ જ ત્યાં જવાનો છે. ઇ દુકાને કોણ જાય ? એમ જેને જેની રુચિ છે ત્યાં એવા ભેગા થાય. જેને અરુચે – ન રુચે તો ત્યાં ન જાય. જેને જ્યાં રુચે ત્યાં જાય, ન રુચે ત્યાં ન જાય. આ તો સીધી વાત છે. એ તો સીધો રુચિ સાથે સંબંધ ધરાવે છે. એટલે ત્યાં પણ અધ્યાત્મની રુચિવાળા જે દેવો હોય છે એ સત્સંગ કરે છે. મુમુક્ષુ ન હોય તો મુમુક્ષુ થાય, મુમુક્ષુતામાં આવે. મુમુક્ષુતામાં આવે, જ્ઞાનદશામાં આવે – બધુંય થાય. જેમ અહીંયાં થાય છે એવી રીતે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન થાય ?

સમાધાન :– હા, થાય ચોક્કસ થાય. ચારેય ગતિમાં થાય. આ છે ને શચી ઇન્દ્રાણીનો દાખલો આપ્યો. પુરુષને થાય એમાં ક્યાં નવાઈ છે, સ્ત્રીને થાય છે. તો પછી પુરુષને શું વાંધો ?

પ્રશ્ન :– દેવલોકમાં ?

સમાધાન :– હા, દેવલોકમાં થાય ને !

પ્રશ્ન :– ચારિત્ર ન થઈ શકે ?

સમાધાન :– (ના), પણ જ્ઞાન થાય. સમ્યક્‌દર્શન થાય.

પ્રશ્ન :– નવું સમ્યગ્દર્શન થાય ?

સમાધાન :– હા, નવું સમ્યક્‌દર્શન ચારેય ગતિમાં થાય.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :- માર્ગની શરૂઆત જ અઘરી છે કે આખો માર્ગ જ એ પ્રમાણે પુરુષાર્થ માંગે છે ?

સમાધાન :- શ્રીમદ્‌માં આવે છે કે પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. અનાદિથી એકત્વબુદ્ધિ ગાઢ થઈ રહી છે. તેમાંથી તેને પસાર થવું વિકટ લાગે છે. પછી તો તેને માર્ગ સહજ અને સુગમ છે. પોતાના સહજ સ્વભાવને જેણે ઓળખ્યો અને જેને સ્વભાવ પ્રગટ થયો તેને પછી માર્ગ સહજ અને સુગમ છે. જેવી પહેલી ભૂમિકા કઠણ હોય છે તેવી દરેક ભૂમિકા કઠણ હોતી નથી. પુરુષાર્થની ધારા તો બધામાં ચાલુ જ રાખવી પડે છે, પણ પહેલી ભૂમિકા વિકટ હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૮૯)**

❈

પ્રશ્ન :- સમ્યગ્દર્શન ટકાવી રાખવું વિકટ છે ?

સમાધાન :- સમ્યગ્દર્શન પામવું વિકટ છે અને ટકાવી રાખવું તે પણ પુરુષાર્થ માંગે છે. પામ્યા પછી ટકાવી રાખવું તેના કરતાં પામવું વધારે વિકટ છે. સમકિત પામ્યા પછી ટકાવવાનું વિકટ છે, પણ જેને પુરુષાર્થ ચાલતો હોય તેને વિકટ નથી. જેનો પુરુષાર્થ છૂટી જતો હોય તેને ટકાવવું વિકટ છે. જે અપડિવાહીએ-અપ્રતિહતધારાએ ઊપડ્યો હોય, ચારે પડખેથી ઊપડેલો હોય, તેને ટકાવવું વિકટ નથી, પણ જે ચારે પડખેથી ઊપડ્યો ન હોય તો તેને વિકટ છે. છતાં પણ પહેલી ભૂમિકા વધારે વિકટ છે. અનંતા જીવોએ ભેદજ્ઞાન પ્રગટ કર્યું, ચારિત્રદશા પ્રગટ કરી અને મોક્ષે ગયા. કારણ કે પોતાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ હોવાથી વિકટ હોવા છતાં, ન બની શકે તેવું નથી. પોતે પુરુષાર્થ કરે તો થઈ શકે તેવું છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૯૦)**

❈

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પહેલાં સ્વભાવનો મહિમા આવે ?



સમાધાન :- સ્વભાવનો યથાર્થ મહિમા વિકલ્પ તૂટે ત્યારે આવે છે. પણ તે પહેલાં વિચાર કરી નિર્ણય કરે તેમાં પણ તેને મહિમા તો આવે છે. યથાર્થ મહિમા તો સ્વરૂપમાં લીન થાય, સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય ત્યારે આવે છે, છતાં પોતે વિચારીને નક્કી કરે છે તેમાં પણ મહિમા આવે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૯૧)**

પ્રશ્ન :- શું તેણે પ્રયત્ન ચાલુ રાખવો ?

સમાધાન :- તેણે પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જે ચારે બાજુથી ઊપડ્યો ન હોય ને કોઈ કારણસર ઊપડ્યો હોય તેને પુરુષાર્થ મંદ થવાનું કારણ બને છે. જે ચારે પડખેથી ઊપડ્યો હોય તેને પુરુષાર્થની ધારા ચાલે છે. તો પણ, પુરુષાર્થ તો તેને ઠેઠ સુધી અપડિવાહી-અપ્રતિહતધારાએ કરવો.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૨)**

❈

પ્રશ્ન :- શું આત્મા પ્રાપ્ત કરવા તીવ્ર પુરુષાર્થની જરૂર છે ?

સમાધાન :- (હા), તીવ્ર પુરુષાર્થની જરૂર છે. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો તેને માટે તીવ્ર પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરે તો થાય જ, ન થાય તેવું નથી, પણ પોતે કરતો નથી. અનંતા જીવો પુરુષાર્થ કરીને મોક્ષ ગયા છે. પર અને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ દિવસ અને રાત ચાલ્યા કરે છે. તેમાંથી છૂટો પડીને જ્ઞાયકનો અભ્યાસ અમુક પ્રકારે કરે છે પણ તેનો અભ્યાસ અંદરથી સતત કરે તો થાય. સતત અભ્યાસ ક્યારે થાય ? કે લગની લાગે તો થાય.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૩)**

❈

પ્રશ્ન :– શું હઠ કે ઉતાવળ કામ ન આવે ?

સમાધાન :– ઉતાવળ કામ ન આવે ને હઠ કરે તો પણ કામ ન આવે. અંદરથી પોતાને સહજ લાગવું જોઈએ તો થાય. કામ થાતું નથી માટે ઉતાવળ કે હઠ કરે; આકુળતા કે મૂંઝવણ કરે તો કાંઈ થાતું નથી. તેને ભાવના થાય, અને ભાવના હોવા છતાં માર્ગ દેખાતો નથી તેથી મૂંઝવણ પણ થાય; છતાં મૂંઝવણ એવી ન હોવી જોઈએ કે પોતે નાસીપાસ થઈ જાય.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૪)**

પ્રશ્ન :– આત્મા હાથમાં ન આવે ત્યારે ક્યું પ્રેરક બળ કામનું ? તે શું કામ કરે ?

સમાધાન :– આત્મા હાથમાં ન આવે ત્યાં સુધી વારંવાર પ્રયાસ કર્યા કરવો. હું તો જુદો છું એવા વિચારો કર્યા કરે. પ્રેરણા માટે કરવાનું આ એક જ છે, બીજું નથી. તેની મહિમા ન આવે તો મહિમા લાવે, સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કરે. જિનેન્દ્રદેવે શું કહ્યું ? ગુરુએ શું કહ્યું ? તે ઉપદેશ યાદ કરે. ગુરુદેવે તો પુરુષાર્થ પ્રગટ થાય તેવી ઘણી પ્રેરણા આપી છે. તે ઉપરાંત શાસ્ત્ર-સ્વાધ્યાય કરે ને વિચાર કરે. પણ કરવાનું અંતરમાં છે. બહાર થોડી સ્વાધ્યાય કરીને કે આ બધું વિચાર-વાંચન કરીને મેં ઘણું કર્યું છે એમ માને તો ન થાય, કેમ કે કરવાનું અંતરમાં છે. ગુરુદેવનો ઉપદેશ જોરદાર, પુરુષાર્થ ઊપડે તેવો પ્રેરણાદાયક હતો. તું જોર કર.–એમ જોરદાર સિંહગર્જના કરતા. નિમિત્ત તો બળવાન હતું, પણ પોતે જ કર્યું નથી. પોતાની આળસને લઈને પોતે ચૈતન્યને નીરખતો નથી. 'નિજ નયનની આળસે રે, મેં નીરખ્યા ન નયને હરિ' પોતાની આળસને લઈને પોતે જોતો નથી, પણ પોતે જ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૫)**

પ્રશ્ન :– બધા મુમુક્ષુને આ કરવાની ભાવના છે, માટે તો વારંવાર દોડી દોડીને આવે છે ને ?

સમાધાન :– ભાવના છે, પુરુષાર્થ નથી. ભાવના કર્યા કરે છે, પણ માર્ગને પોતે અંતરમાંથી પુરુષાર્થ કરીને પ્રગટ કરતો નથી. માત્ર ભાવના કર્યા કરે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૬)**

પ્રશ્ન :– ભાવના કરવી સહેલી પડે છે અને પુરુષાર્થ કરવો અઘરો પડે છે ?

સમાધાન :– પુરુષાર્થ અઘરો પડે છે, જેવું વસ્તુનું સ્વરૂપ છે તે પ્રમાણે કાર્ય કરવું જોઈએ. આવે છે ને ? કે મને બંધન છે... બંધન છે... એમ વિચાર કર્યા કરે તો બંધન તૂટતું નથી. બંધનને તોડે તો બંધન તૂટે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૭)**

પ્રશ્ન :– બંધન તોડવા આપની પાસે બધા આવે છે.

સમાધાન :– બંધન તોડવું તે પોતાના હાથની વાત છે, બીજા તોડી દેતા નથી. શાસ્ત્રમાં આવે છે કે 'કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી.' હું જુદો, હું જુદો એમ ભાવના કરે, વિચારશૃંખલા કર્યા કરે તેનાથી બંધન તૂટતું નથી. ભલે બીજી ભાવના કરે તેના કરતાં જુદો છું–જુદો છું એમ વિચારો-ભાવના કર્યા કરે તે ઠીક છે; પણ જુદા પડવાનો પ્રયત્ન કરે તો જુદો પડે. જેમ બેડીનું બંધન છે... બંધન છે અને તે તોડવું છે એમ વિચાર કર્યા કરે તો બંધન ન તૂટે; પરંતુ તોડવાનું કાર્ય કરે તો જ તૂટે છે. તેવી રીતે મુમુક્ષુતા હોય તેથી ભાવના કર્યા કરે કે હું જુદો છું, આ મારું સ્વરૂપ નથી, સ્વરૂપ ક્યારે પ્રગટ થાય ? – એમ વિચાર કર્યા કરે; પણ વિચારમાત્રથી કાંઈ થતું નથી. વિચાર તેને એક બાહ્ય સાધન તરીકે બને; પણ તોડવું તો પોતાના હાથની વાત છે અને તોડ્યા વગર બંધન તૂટતું નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૮)**

તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નથી. એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે, અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરૂપ એવા જ્ઞાનીપુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુમાન, પ્રેમ એ છે. જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણી વાર થઈ ગયો છે, તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી; અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે, એમ અમને તો દઢ કરીને લાગે છે.

જ્ઞાનીપુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો 'હું જાણું છું', 'હું સમજું છું' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન. બીજું પરિગ્રહાદિકને વિષે જ્ઞાનીપુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ. ત્રીજું, લોકભયને લીધે, અપકીર્તિભયને લીધે, અને અપમાનભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું. એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે; જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથસંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે. એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે અને એ ત્રણે દોષનું ઉપાદાન કારણ એવો તો એક 'સ્વચ્છંદ' નામનો મહા દોષ છે; અને તેનું નિમિત્તકારણ અસત્સંગ છે.

જેને તમારા પ્રત્યે, તમને પરમાર્થની કોઈ પ્રકારે કંઈ પણ પ્રાપ્તિ થાઓ એ હેતુ સિવાય બીજી સ્પૃહા નથી, એવો હું તે આ સ્થળે સ્પષ્ટ જણાવવા ઇચ્છું છું, અને તે એ કે ઉપર જણાવેલા દોષો જે વિષે હજુ તમને પ્રેમ વર્તે છે; 'હું જાણું છું,' 'હું સમજું છું', એ દોષ ઘણીવાર વર્તવામાં પ્રવર્તે છે; અસાર એવા પરિગ્રહાદિકને વિષે પણ મહત્તાની ઇચ્છા રહે છે, એ વગેરે જે દોષો તે, ધ્યાન, જ્ઞાન એ સર્વેનું કારણ જે જ્ઞાનીપુરુષ અને તેની આજ્ઞાને અનુસરવું તેને આડા આવે છે. માટે જેમ બને તેમ આત્મવૃત્તિ કરી તેને ઓછા કરવાનું પ્રયત્ન કરવું, અને લૌકિક ભાવનાના પ્રતિબંધથી ઉદાસ થવું એ જ કલ્યાણકારક છે, એમ જાણીએ છીએ.

## આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે

**નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.**

'પરમાગમસાર' બોલ નં.–૨૫

## ૪૧૬




મુંબઈ, આસો, ૧૯૪૮

જે પ્રકારે અત્રે કહેવામાં આવ્યું હતું, તે પ્રકારથી પણ સુગમ એવું ધ્યાનનું સ્વરૂપ અહીં લખ્યું છે.

૧. નિર્મળ એવા કોઈ પદાર્થને વિષે દૃષ્ટિનું સ્થાપન કરવાનો અભ્યાસ કરીને પ્રથમ તેને અચપળ સ્થિતિમાં આણવી.

૨. એવું કેટલુંક અચપળપણું પ્રાપ્ત થયા પછી જમણા ચક્ષુને વિષે સૂર્ય અને ડાબા ચક્ષુને વિષે ચંદ્ર સ્થિત છે, એવી ભાવના કરવી.

૩. એ ભાવના જ્યાં સુધી તે પદાર્થના આકારાદિનાં દર્શનને આપે નહીં ત્યાં સુધી સુદૃઢ કરવી.

૪. તેવી સુદૃઢતા થયા પછી ચંદ્રને જમણા ચક્ષુને વિષે અને સૂર્યને વામ ચક્ષુને વિષે સ્થાપન કરવા.

૫. એ ભાવના જ્યાં સુધી તે પદાર્થનાં આકારાદિ દર્શનને આપે નહીં ત્યાં સુધી સુદૃઢ કરવી. આ જે દર્શન કહ્યું છે, તે ભાસ્યમાનદર્શન સમજવું.

૬. એ બે પ્રકારની ઊલટસૂલટ ભાવના સિદ્ધ થયે ભ્રૂકુટીના મધ્યભાગને વિષે તે બન્નેનું ચિંતન કરવું.

૭. પ્રથમ તે ચિંતન દૃષ્ટિ ઉઘાડી રાખી કરવું.

૮. ઘણા પ્રકારે તે ચિંતન દૃઢ થવા પછી દૃષ્ટિ બંધ રાખવી. તે પદાર્થના દર્શનની ભાવના કરવી.

૯. તે ભાવનાથી દર્શન સુદૃઢ થયા પછી તે બન્ને પદાર્થો અનુક્રમે હૃદયને વિષે એક અષ્ટદલકમળનું ચિંતન કરી સ્થાપિત કરવા.

૧૦. હૃદયને વિષે એવું એક અષ્ટદલકમળ માનવામાં આવ્યું છે, તથાપિ તે વિમુખ મુખે રહ્યું છે, એમ માનવામાં આવ્યું છે, જેથી સન્મુખ મુખે તેને ચિંતવવું, અર્થાત્ સૂલટું ચિંતવવું.

૧૧. તે અષ્ટદલકમળને વિષે પ્રથમ ચંદ્રના તેજને સ્થાપન કરવું. પછી સૂર્યના તેજને સ્થાપન કરવું, અને પછી અખંડ દિવ્યાકાર એવી અગ્નિની જ્યોતિનું સ્થાપન કરવું.

૧૨. તે ભાવ દૃઢ થયે પૂર્ણ છે જેનું જ્ઞાન, દર્શન અને આત્મચારિત્ર એવા શ્રી વીતરાગદેવ તેની પ્રતિમા મહાતેજોમય સ્વરૂપે તેને વિષે ચિંતવવી.

૧૩. તે પરમ દિવ્ય પ્રતિમા નહીં બાળ, યુવા અને વૃદ્ધ એવા દિવ્યસ્વરૂપે ચિંતવવી.

૧૪. સંપૂર્ણ જ્ઞાન, દર્શન ઉત્પન્ન થવાથી સ્વરૂપસમાધિને વિષે શ્રી વીતરાગદેવ અત્ર છે, એમ ભાવવું.

૧૫. સ્વરૂપસમાધિને વિષે સ્થિત એવા તે વીતરાગ આત્માના સ્વરૂપમાં તદાકાર જ છે એમ ભાવવું.

૧૬. તેમનાં મૂર્ધસ્થાનને વિષેથી તે વખતે ૐકારનો ધ્વનિ થયા કરે છે એમ ભાવવું.

૧૭. તે ભાવનાઓ દૃઢ થયે તે ૐકાર સર્વ પ્રકારના વક્તવ્ય જ્ઞાનને ઉપદેશે છે, એમ ભાવવું.

૧૮. જે પ્રકારના સમ્યક્માર્ગે કરી વીતરાગદેવ વીતરાગ નિષ્પન્નતાને પામ્યા એવું જ્ઞાન તે ઉપદેશનું રહસ્ય છે, એમ ચિંતવતાં ચિંતવતાં તે જ્ઞાન તે શું ? એમ ભાવવું.

૧૯. તે ભાવના દૃઢ થયા પછી તેમણે જે દ્રવ્યાદિ પદાર્થો કહ્યા છે, તેનું ભાવન કરી આત્માને સ્વસ્વરૂપમાં ચિંતવવો, સર્વાંગ ચિંતવવો.

ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે, તે ધ્યાન કહેવાય છે; અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ, ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી. એવું જે આત્મજ્ઞાન